અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૧૧
વર્ષ : ૧૬
અંક : ૮૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વિક્રમી તેજીના નવા શિખરો સર કરતું શેરબજાર । રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપ. રૂ.૧.૯૧ લાખ કરોડ વધીને રૂ.૪૭૭.૧૬ લાખ કરોડની નવી વિક્રમી ટોચે

# સેન્સેક્સ ૮૫૯૩૦, નિફટી ૨૬૨૫૦ નવી ઊંચાઈએ

। મુંબઈ, તા.૨૭ ।

ઈઝરાયેલ દ્વારા હવે લેબનોન સાથે યુદ્ધના મંડાણ અને આ યુદ્ધ મિડલ ઈસ્ટ વોરમાં પરિણમવાના અમેરિકા, યુરોપ સહિત વિશ્વના ભય સામે ચાઈનાના મેગા સ્ટીમ્યુલસ પેકેજના પરિણામે એશીયા, યુરોપના બજારોમાં તેજીની સાથે ભારતીય શેર બજારોમાં આજે નિફટી માસિક એફ એન્ડ ઓ એક્સપાયરીના દિવસે નિરંતર છઠ્ઠા દિવસે વિક્રમી તેજી કરી બજારને નિફટી, સેન્સેક્સ બેઝડ નવા શિખરે મૂકી દીધું હતું. ભારતના મૂડી બજારના ઈતિહાસમાં સૌથી મોટો રૂ.૨૫,૦૦૦ કરોડની રકમનો શેરોના આઈપીઓ માટે કોરિયન ઓટો જાયન્ટ હ્યુન્ડાઈના ભારતીય એકમને સેબીએ મંજૂરી આપી દેતાં આજે વેલ્યુએશનની ગેમમાં ફંડોએ મારૂતી સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા મોટર્સની આગેવાનીમાં ઓટો શેરોમાં તેજીનું તોફાન મચાવ્યું હતું. ઓટોમોબાઈલ શેરો સાથે મેટલ-માઈનીંગ, એફએમસીજી, બેંકિંગ, આઈટી શેરોમાં આકર્ષણ રહેતાં સેન્સેક્સ ૮૬૦૦૦ની સપાટી નજીક અને નિફટી ૨૬૨૫૦ની સપાટી પાર કરી નવી ઊંચાઈએ પહોંચી ગયા હતા. સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૭૬૦.૫૬ પોઈન્ટના ઉછાળે ૮૫૯૩૦.૪૩ની નવી ઊંચાઈનો ઈતિહાસ રચી અંતે ૬૬૬.૨૫ પોઈન્ટ ઉછળી ૮૫૮૩૬.૧૨ની નવી ઊંચાઈએ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ પણ ઈન્ટ્રા-ડે ૨૪૬.૭૫ પોઈન્ટની છલાંગે ૨૬૨૫૦.૯૦ નવો રેકોર્ડ બનાવી અંતે ૨૧૧.૯૦ પોઈન્ટ વધીને ૨૬૨૧૬.૦૫ની નવી ઊંચાઈએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ, નિફટીની આજે અવિરત વિક્રમી તેજી સામે આજે સ્મોલ, મિડ કેપ ઘણા શેરોમાં વેચવાલી રહ્યા છતાં મોટું માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતા હેવીવેઈટ શેરોમાં તેજી સાથે એ ગ્રુપના શેરોમાં આકર્ષણે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન પણ એક દિવસમાં રૂ.૧.૯૧ લાખ કરોડ વધીને રૂ.૪૭૭.૧૬ લાખ કરોડની નવી વિક્રમી ઊંચાઈએ પહોંચ્યું હતું. હ્યુન્ડાઈન ઈન્ડિયાના રૂ.૨૫,૦૦૦ કરોડનો મેગા આઈપીઓ ઓકટોબરમાં આવવાની તૈયારી વચ્ચે ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં આજે આક્રમક ખરીદી થતાં બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૩૫૨.૧૧ પોઈન્ટ ઉછળીને ૬૧૯૩૫.૩૦ બંધ રહ્યો હતો.મારૂતી સુઝુકી રૂ.૬૦૮.૩૦ ઉછળી રૂ.૧૩,૩૮૪.૩૦, મધરસન સુમી રૂ.૭.૪૦




વધીને રૂ.૨૧૨.૮૦, અપોલો ટાયર્સ રૂ.૧૭ વધીને રૂ.૫૬૧.૧૦, ટાટા મોટર્સ રૂ.૨૯.૭૦ ઉછળી રૂ.૯૯૩.૨૦, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૯૧.૭૫ વધીને રૂ.૩૧૮૦.૮૫, બજાજ ઓટો રૂ.૨૦૮.૧૦ વધીને રૂ.૧૨,૬૦૭.૧૦, આઈશર મોટર્સ રૂ.૮૦.૯૫ વધીને રૂ.૪૯૭૫.૪૦, કમિન્સ ઈન્ડિયા રૂ.૨૩ વધીને રૂ.૩૭૮૫.૪૫, બોશ રૂ.૩૦.૪૫ વધીને રૂ.૩૬,૯૭૫.૪૫ રહ્યા હતા.

મિડ કેપ, સ્મોલ કેપ શેરોમાં વેલ્યુએશન અત્યંત ખર્ચાળ બન્યું હોવાના અને બેફામ તેજી કંપનીઓના ફંડામેન્ટલ સાથે બંધ બેસતી નહીં હોવાના નિષ્ણાંતોના અવારનવાર અભિપ્રાય વચ્ચે આ શેરોમાં ફંડો, ઈન્વેસ્ટરો તેજીનો વેપાર હળવો કરીને હવે લાર્જ કેપમાં સક્રિય બન્યા હોઈ લાર્જ કેપ શેરોમાં જે પ્રકારે તેજીનું તોફાન જોવાઈ રહ્યું છે, એ ભારતીય બજારની વર્તમાન વિક્રમી તેજીના અંતની તૈયારી હોવાનો સંકેત હોઈ શકે છે એવા નિષ્ણાંતોએ અભિપ્રાય આપવા લાગતાં ઘણા ખેલંદાઓ, એચએનઆઈ ઈન્વેસ્ટરો આજે ઘણા શેરોમાં ઉછાળે મોટાપાયે વેચવાલ બન્યા હતા. જેમાં ખાસ સ્મોલ, મિડ કેપ શેરો મોટી સંખ્યામાં પીટાયા હતા. એફએમસીજી શેરોમાં પણ આજે સિલેક્ટિવ ફંડોએ મોટું બાઈંગ કર્યું હતું. પ્રતાપ સ્નેક્સ રૂ.૧૬૬.૪૫ ઉછળી રૂ.૧૦૫૩.૭૫, ગ્લોબસ સ્પિરિટ્સ રૂ.૧૦૦ ઉછળી રૂ.૧૩૨૦, ચમનલાલ શેટીયા રૂ.૧૬.૦૫ વધીને રૂ.૩૦૦.૧૫, એગ્રો ટેક ફૂડ્સ રૂ.૩૩.૩૫ ઉછળી રૂ.૮૩૨.૦૫, લિક્ર ઈન્ડિયા રૂ.૨૪.૮૫ વધીને રૂ.૭૫૦.૪૦, નેસ્લે ઈન્ડિયા રૂ.૪૬.૨૫ વધીને રૂ.૧૨૧૩.૭૦, હિન્દુસ્તાન યુનિલિવર રૂ.૩૯.૩૫ વધીને રૂ.૨૯૮૫.૨૫ રહ્યા હતા. લાર્જ કેપ શેરોમાં આક્રમક તેજી સામે સ્મોલ, મિડ કેપ શેરોમાં આજે અનેક શેરોમાં ઓફલોડિંગ થતાં માર્કેટબ્રેડથ નેગેટીવ રહી હતી. બીએસઈમાં આજે કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૮૨ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૬૮૬ અને ઘટનારની સંખ્યા ૨૨૯૩ રહીહતી. ફોરેનપોર્ટફોલિયોઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે ગુરૂવારે કેશમાં શેરોમાં રૂ.૬૨૯.૯૬ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી થઈ હતી. કુલ રૂ.૨૬,૪૨૧.૨૧ કરોડની ખરીદી સામે કુલ રૂ.૨૫,૭૯૧.૨૫ કરોડની વેચવાલી થઈ હતી. જ્યારે ડીઆઈઆઈ-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની આજે કેશમાં રૂ.૨૪૦૫.૧૨ કરોડની ચોખ્ખી ખરીદી થઈ હતી. કુલ રૂ.૧૫,૪૬૧.૩૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૩,૦૫૬.૧૮ કરોડની વેચવાલી થઈ હતી. ચાઈનાના મેગા સ્ટીમ્યુલસ પેકેજના પરિણામે ચાઈનાની મેટલની માંગ વધવાની અપેક્ષાએ આજે લંડન મેટલ એક્સચેન્જમાં કોપરના ભાવ ૧૦,૦૦૦ ડોલરની સપાટીને પાર કરી જતાં મેટલ-માઈનીંગ શેરોમાં તેજી રહી હતી. વેદાન્તામાં ફરી ડિવિડન્ડ આકર્ષણે શેર રૂ.૨૨.૨૫ ઉછળી રૂ.૫૦૧.૮૫, નાલ્કો રૂ.૭.૭૦ વધીને રૂ.૨૦૨.૯૦, એનએમડીસી રૂ.૮.૭૦ વધીને રૂ.૨૩૪.૪૫, સેઈલ રૂ.૫.૦૫ વધીને રૂ.૧૩૯.૨૫, ટાટા સ્ટીલ રૂ.૪ વધીને રૂ.૧૬૫.૬૦, હિન્દાલ્કો રૂ.૧૬.૪૫ વધીને રૂ.૭૩૪.૫૦, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૨૦.૭૫ વધીને રૂ.૧૦૦૩ રહ્યા હતા.

### ૨૪ કેરેટ સોનાની ૧૦૦ ગ્રામની કિંમતમાં ૬૮૦ રૂપિયાનો ઘટાડો

# સોનાનો ભાવ ઉંધે માથે પટકાયો, ચાંદી પણ થઈ સસ્તી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતમાં તહેવારની સીઝન આવી રહી છે. દિવાળી અને કરવા ચોથ પર સોનાની ખરીદી વધશે, જેના કારણે તેની કિંમત પણ વધવાની છે. આવી સ્થિતિમાં તમે હવે સોનામાં રોકાણ કરી શકો છો. ૨૬ સપ્ટેમ્બરે સોનાએ તેની ઓલ ટાઈમ હાઈ સ્પર્શી હતી. ૨૭ મેના રોજ તેના ભાવમાં ઘટાડો થયો છે. ૨૪ કેરેટ સોનાની ૧૦૦ ગ્રામની કિંમતમાં ૬૮૦ રૂપિયાનો ઘટાડો થયો છે.

૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૫,૬૮૧ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ની સરખામણીમાં આજે સોનાના ભાવમાં ૬૯ રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીનો ભાવ ૯૦,૭૫૮ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતા ધરાવતી ચાંદીના ભાવમાં ૨૫ સપ્ટેમ્બરથી ૧૭૬૪ રૂપિયાનો ઘટાડો થયો છે.




ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ અનુસાર ૨૬ સપ્ટેમ્બરની સાંજે ૯૯૯ શુદ્ધતા ધરાવતા ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૫,૭૫૦ રૂપિયા હતી. ૨૭ સપ્ટેમ્બરે ૯૯૯ શુદ્ધતા ધરાવતા ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૫,૬૮૧ રૂપિયા થઈ ગઈ છે. ૨૬ સપ્ટેમ્બરની સાંજે ૯૯૯ શુદ્ધતા ધરાવતી ચાંદીની કિંમત ૯૨,૫૨૨ રૂપિયા હતી. ૨૭ સપ્ટેમ્બરે ૯૯૯ શુદ્ધતા ધરાવતી ચાંદીની કિંમત ૯૦,૭૫૮ રૂપિયા થઈ ગઈ છે.

૨૭ સપ્ટેમ્બરે ૯૯૫ શુદ્ધતા ધરાવતા સોનાની કિંમત ૭૫,૩૭૮ રૂપિયા થઈ ગઈ છે. ૯૧૬ શુદ્ધતા ધરાવતા સોનાની કિંમત ૬૯,૩૨૪ રૂપિયા થઈ ગઈ છે. ૭૫૦ શુદ્ધતા ધરાવતા સોનાની કિંમત ૫૬,૭૬૧ રૂપિયા થઈ ગઈ છે. ૫૮૫ શુદ્ધતા ધરાવતા સોનાની કિંમત ૪૪,૨૭૩ રૂપિયા થઈ ગઈ છે. વૈશ્વિક બજારમાં કોમેક્સ પર સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. તે ૦.૦૮ ટકા અથવા $2.20 ના ઘટાડા સાથે $2692.70 પ્રતિ ઔંસ પર ટ્રેડ થતો જોવા મળ્યો હતો. તે જ સમયે, સોનાની વૈશ્વિક હાજર કિંમત ૦.૦૮ ટકા અથવા $2.21 ના ??ઘટાડા સાથે ઈ૨૬૭૦.૧૭ પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી.

શુક્રવારે સવારે વૈશ્વિક ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. કોમેક્સ પર ચાંદીની કિંમત શુક્રવારે સવારે ૦.૪૮ ટકા અથવા $0.16 ઘટીને $32.19 પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી. તે જ સમયે, ચાંદીની હાજર ૦.૩૭ ટકા અથવા ૦.૧૨ ડોલરના ઘટાડા સાથે ૩૧.૯૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી.

મિસ્ડ કૉલ કરીને સોના ચાંદીનો ભાવ જાણો IBJA કેન્દ્ર સરકારની રજાઓ અને શનિવાર અને રવિવારે ભાવ જાહેર કરતું નથી. જો તમારે ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ ગોલ્ડ જ્વેલરીનો ભાવ જાણવો હોય, તો ૮૯૫૫૬૬૪૪૩૩ પર મિસ્ડ કૉલ કરી શકો છો. મિસ્ડ કૉલના થોડા સમય પછી SMS દ્વારા ભાવ મળી જશે. ગોલ્ડ અથવા સિલ્વરનો ભાવ જાણવા માટે તમે www.ibja.co અથવા ibjarates.com પર પણ જઈ શકો છો.

### પૂછપરછ માટે બોલાવી શકે છે લોકાયુક્ત પોલીસ

# કર્ણાટકના CM સિદ્ધારમૈયા વિરુદ્ધ નોંધાઈ એફઆઈઆર

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૭ ।

કર્ણાટકના મુખ્યમંત્રી એમ. સિદ્ધારમૈયાની સામે મૈસુર લોકાયુક્તે FIR નોંધાવી છે. સિદ્ધારમૈયા સામે મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના પ્લોટની ફાળવણીના કથિત કૌભાંડના આરોપમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. અદાલતે લોકાયુક્તને સિદ્ધારમૈયાની સામે ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ફરિયાદ મૈસુરના લોકાયુક્ત એસપી ઉદેશના નેતૃત્વમાં નોંધવામાં આવી છે. જેના માટે લોકાયુક્ત ડીજીપી મનીષ ખરબીકર દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો. અદાલતે સિદ્ધારમૈયા સામે સીઆરપીસીના સેક્શન ૧૫૬(૩) હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ સિવાય આઈપીસીની ધારા ૧૨૦B, ૧૬૬, ૪૦૩, ૪૨૦, ૪૨૬, ૪૬૫, ૪૬૮, ૩૪૦, ૩૫૧ હેઠળ પણ સિદ્ધારમૈયાની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હવે આ કેસની તપાસ લોકાયુક્ત પોલીસ દ્વારા કરવામાં આવશે.



**એફઆઈઆરના આધાર પર સિદ્ધારમૈયાને પૂછપરછ કરવા માટે બોલાવવામાં આવી શકે છે. જણાવી દઈએ કે, લોકાયુક્તની પાસે ધરપકડની શક્તિ પણ હોય છે. એવામાં સિદ્ધારમૈયાની ધરપકડની પણ આશંકા છે. જોકે, તે પહેલાં જ કાયદાના નિષ્ણાંતોની સલાહ પર સિદ્ધારમૈયા આગોતરા જામીન માટે અરજી કરી શકે છે. ફરિયાદ કરનાર આરટીઆઈ કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણાની ફરિયાદ પર કોર્ટે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે ગુનો દાખલ કરવાનો નિર્દેશ કર્યો હતો. આ કેસના કારણે સિદ્ધારમૈયાની હાલત કફોડી થઈ રહી છે અને તેમના પર પદ છોડવાનું દબાણ પણ વધી રહ્યું છે.**

### IND vs BANની મેચમાં બબાલ!

# બાંગ્લાદેશી ફેન્સ સાથે મારપીટ, હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

### ભારત-બાંગ્લાદેશની વચ્ચે કાનપુરના ગ્રીનપાર્ક સ્ટેડિયમમાં રમાઈ રહેલી ટેસ્ટ મેચને લઈને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન કર્યું

। (એજન્સી) કાનપુર, તા.૨૭ ।

ભારત-બાંગ્લાદેશની વચ્ચે બીજી ટેસ્ટ કાનપુરમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ દરમિયાન બાંગ્લાદેશી ફેનની સાથે મારપીટની ઘટના સામે આવી છે. તે બાદ બાંગ્લાદેશી ચાહકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ભારતીય ચાહક પર આરોપ છે કે તેણે બાંગ્લાદેશી ફેન સાથે મારપીટની ઘટનાને અંજામ આપ્યો. સોશિયલ મીડિયા પર મારપીટમાં ઈજાગ્રસ્ત બાંગ્લાદેશી ચાહકની તસવીર ઝડપથી વાયરલ થઈ રહી છે.



આ મેચમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. ત્યાં સુધી બાંગ્લાદેશનો સ્કોર ૩ વિકેટ પર ૯૩ રન હતો. ભારતે ચેન્નઈ ટેસ્ટમાં બાંગ્લાદેશને ૨૮૦ રનના મોટા અંતરથી હરાવ્યુ હતુ. આ રીતે ભારતીય ટીમ ૨ ટેસ્ટ મેચની સિરીઝમાં ૧-૦ થી આગળ છે. ઉલ્લેખનીય છે કે ભારત-બાંગ્લાદેશની વચ્ચે કાનપુરના ગ્રીનપાર્ક સ્ટેડિયમમાં રમાઈ રહેલી ટેસ્ટ મેચને લઈને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન કર્યું. કાર્યકર્તાઓએ વિરોધમાં જુલૂસ કાઢીને બાંગ્લાદેશનો ધ્વજ સળગાવી દીધો. વિરોધ પ્રદર્શન દરમિયાન વિહિપ કાર્યકર્તાઓની પોલીસ સાથે અથડામણ થઈ. પોલીસે લાઠીચાર્જ કર્યો તો કાર્યકર્તાઓએ જય શ્રીરામના સૂત્રોચ્ચાર કર્યા. વિરોધમાં રસ્તા પર બેસીને હનુમાન ચાલીસા કરવા લાગ્યા. સવારે ગ્રીનપાર્કમાં મેચ શરૂ થયા સાથે વિરોધ શરૂ થઈ ગયો. મૂળગંજ ચાર રસ્તાથી પદયાત્રા કરતાં કાર્યકર્તા પરેડ સ્થિત સદ્ભાવના ચોકીની સામે પહોંચ્યા ત્યારે પોલીસે રોક્યા તો વિહિપ કાર્યકર્તાઓ અને પોલીસમાં અથડામણ થઈ. પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો તો વિહિપ કાર્યકર્તા જય-જય શ્રીરામના નારા લગાવતાં ત્યાં જ ધરણા પર બેસી ગયા.

તે બાદ હનુમાન ચાલીસાનો પાઠ શરૂ કરી દીધો. માહિતી મળવા પર ડીસીપી ઘટના સ્થળે પહોંચ્યા. હોબાળો કરી રહેલા વિહિપ કાર્યકર્તાઓ સાથે વાત કરવામાં આવી. તે બાદ વિહિપ કાર્યકર્તાઓએ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને ગૃહ મંત્રીને સંબોધિત જાહેરાત સોંપી ત્યારે વિહિપ કાર્યકર્તા સૂત્રોચ્ચાર કરતાં પરત આવ્યા. વિહિપનો આરોપ હતો કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર થાય છે. અમાનવીય વ્યવહાર કરનાર દેશની સાથે મેચ રમવી દુશ્મનની હરકતોને નજર અંદાજ કરવા જેવું છે.

### ન્યૂનતમ મજૂરીમાં થયો વધારો, ૧ ઓક્ટોબરથી લાગૂ થશે નિયમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દિવાળી ૨૦૨૪ પહેલાં કેન્દ્રની મોદી સરકારે મજૂરો એટલેકે, શ્રમિકોને મોટી ભેટ આપી છે. સરકારે શ્રમિકોના ન્યૂનતમ વેતન એટલેકે, મજૂરીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. મોદી સરકારે શ્રમિકો માટે Variable Dearness Allowance એટલેકે, ફફછ સંશોધન કર્યું છે અને તેમને મળતા ન્યૂનતમ વેતન એટલેકે, મજૂરીના પૈસામાં વધાર્યો કર્યો છે. સરકારે મજૂરોની મજૂરી પ્રતિદિન ૧,૦૩૫ કરવાની જાહેરાત કરી છે. સતત વધતી મોંઘવારીને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે દેશના કામદારો, ખાસ કરીને અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોના હિતમાં શ્રમિકો માટેના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો છે. કેન્દ્ર સરકારે વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સ (વીડીએ)ને રિવાઈઝ કરીને કામદારોના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો હતો સરકારના આ નવા નિર્ણય પાછળનું કારણ કામદારોની મદદ કરવાનું છે જેથી કરીને તેઓ સતત વધતા જીવન નિર્વહનના ખર્ચને પહોંચી શકે. સરકાર દ્વારા કરાયેલા રિવિઝન બાદ એરિયા એ ના કામદારો જેમાં બાંધકામ, સ્વિપિંગ, ક્લિનિંગ, લોડિંગ અને અનલોડિંગ જેવા અકુશળ કામો છે.

### વિદેશમંત્રી જયશંકરે ખેલ્યો મોટો દાવ

# આતંકી સંગઠનોને હવે પાક-ચીન પણ નહી બચાવી શકે

### બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા જેવા દેશોએ પણ ભારત સાથે મળીને કહ્યું કે, આતંકી સંગઠનો સામે કડક કાર્યવાહી થવી જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

આતંકવાદ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે હવે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. જોકે હવે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનોના ખરાબ દિવસો શરૂ થઈ જવાના છે. પાકિસ્તાન પણ હવે તેમને નહીં બચાવી શકે. કારણ કે ભારતે હવે એક નવી તરકીબ અપનાવી છે. હવે આતંકવાદની સામે માત્ર ભારત જ નહીં પણ ઈન્ટરનેશનલ લેવલ પર પણ ઘણા દેશોએ અવાજ ઉઠાવ્યો છે. બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આતંકી સંગઠન જૈશ અને લશ્કર સામે કાર્યવાહી કરવાની માંગ પર ભારતનો સાથ આપ્યો છે. વિદેશમંત્રી જયશંકર સાથે બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી મૌરૌ વિએરા અને રોનાલ્ડ લામોલાએ આતંકવાદની આકરી નિંદા કરી. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાએ કહ્યું કે આતંકવાદ ક્યાંય પણ હોય, કોઈ પણ સંગઠન દ્વારા કરવામાં આવતું હોય તેની ટીકા થવી જોઈએ. સાથે જ બંને દેશના વિદેશમંત્રીઓએ આતંકી સંગઠનની સામે કડક કાર્યવાહીની પણ માંગ કરી. સમગ્ર મામલે ભલે ત્રણેય દેશો દ્વારા ચીન કે પાકિસ્તાનનું નામ લેવામાં ન આવ્યું હોય પણ પરોક્ષ રીતે આતંકવાદ મુદ્દે તેમને સંદેશો આપવામાં આવ્યો. ચીન કે પાકિસ્તાનનું નામ લીધા વગર ત્રણેય દેશના મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં આ મુદ્દો ઉઠાવ્યો જેથી હવે ઈન્ટરનેશનલ લેવલ પર ચીન અને પાકિસ્તાન પણ ખુલીને આતંકીઓનો સાથ નહીં આપી શકે. આપને જણાવી દઈએ કે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા



પણ બ્રિક્સ સમૂહના સદસ્ય છે. બ્રિક્સમાં પાકિસ્તાન પણ સામેલ થવા માગે છે. આ જ કારણ છે કે ભારતે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઘેરવાનું શરૂ કરી દીધું. ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનો પર ૈંમ્જીછ મંચે પણ સહમતિ દર્શાવી કે આતંકવાદ એક વૈશ્વિક સંકટ છે જેનો મુકાબલો કરવો જોઈએ અને દુનિયાના દરેક હિસ્સાઓ પર આતંકવાદીઓનો ખાત્મો કરવો જોઈએ. ઉલ્લેખનીય છે કે ત્રણેય દેશોના મંત્રીઓએ આતંકવાદને રોકવા, તેનો મુકાબલો કરવા દરેક દેશોને તેમની જવાબદારી યાદ અપ ાવી. ભારતની સાથે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ જણાવ્યું કે આતંકવાદ સામેની લડાઈ આંતરરાષ્ટ્રીય માનવાધિકારના કાયદાઓનું પૂરું રીતે સન્માન કરીને થવી જોઈએ. જોકે ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનોને લઈને એ વાત તો પાક્કી છે કે હવે આતંકી સંગઠનોને પાકિસ્તાન અને ચીન પણ નહીં બચાવી શકે.

# રાજ્યમાં સાર્વત્રિક વરસાદ ઉમરપાડામાં ૭, ઘોઘામાં ૬ ઈંચ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૭ ।

મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં સાત ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના ઉમરપાડામાં ૭ ઈંચ, ભાવનગરના ઘોઘામાં છ ઈંચથી વધુ નોંધાયો છે. સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ ચાર ઈંચથી લઈને એકાદ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૪૫ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભાવનગરના ઘોઘામાં ગુરુવારે ધોધમાર છ ઈંચ વરસાદ વરસી ગયો છે. ઉપરાંત વલભીપુરમાં ચાર ઈંચ, પાલિતાણામાં ૩.૬૨ ઈંચ, ભાવનગરમાં



૩.૪૦ ઈંચ, સિહોરમાં ૩.૧૫ ઈંચ, મહુવામાં ૨.૦૫ ઈંચ, ઉમરાળામાં ૧.૯૩ ઈંચ, જેસરમાં ૧.૮૫ ઈંચ, તળાજામાં ૧.૫૪ ઈંચ, ગારિયાધારમાં ૧.૨૨ ઈંચ વરસાદ વરસ્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં ઉનામાં ૪ ઈંચ, કોડીનારમાં ૨.૮૦ ઈંચ, ગીરગઢડામાં ૨.૩૬ ઈંચ, સુત્રાપાડામાં ૨.૨૪ ઈંચ, તાલાલા ગીરમાં ૧.૭૭ ઈંચ, પાટણ વેરાવળમાં ૧.૨૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના માળિયા હાટિનામાં ૨.૦૫ ઈંચ, ભેંસાણમાં ૧.૩૦ ઈંચ, મેંદરડામાં ૧.૨૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમરેલી જિલ્લામાં જાફરાબાદમાં ૧.૯૭ ઈંચ, લિલિયામાં ૧.૫૦ ઈંચ, સાવરકુંડલામાં ૦.૯૮ ઈંચ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલામાં ૧.૮૫ ઈંચ, ચુડામાં ૧.૭૩ ઈંચ, લીંબડીમાં ૧.૪૨ ઈંચ વરસાદ વરસ્યો છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણામાં ૪૨ મીમી, ખેરાલુમાં ૨૦ મીમી, વડનગરમાં ૧૫ મીમી, સાબરકાંઠાના પ્રાંતિજમાં ૧૩ મીમી, અરવલ્લીના ભીલોડામાં દોઢ ઈંચ, પાટણ પંથકમાં ૧૭ મીમી વરસાદ વરસ્યો હતો. ચરોતરમાં નડિયાદ શહેરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. માતરમાં ૨૦ મીમી, ઠાસરમાં ૧૮ મીમી, ગળતેશ્વરમાં ૩૬ મીમી, આણંદના ખંભાતમાં ૨૬મીમી, તારાપુરમાં ૧૫ મીમી, પેટલાદમાં ૧૩ મીમી વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લાના છેવાડાના તાલુકા ઉમરપાડામાં બુધવારે મોડી રાતથી ગુરુવારની સવાર સુધીમાં સૌથી વધુ ૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. નવસારીમાં ત્રણ ઈંચ અને ખેરગામમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. બીજી તરફ વલસાડ જિલ્લાના ઉમરગામ, વાપી, નવસારી, ગણદેવી, બારડોલી અને તાપીના કુકરમુંડામાં દોઢથી ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉમરપાડામાં ભારે વરસાદના લીધે ભૂખી, વીરા અને મધુબન નદીમાં પાણીની મબલખ આવક થઈ હતી. આસપાસના ગામોને જોડાતા અનેક કોઝ-વે પર પાણી ફરી વળ્યા હતા. ચારણી ગામના લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો. મધ્ય ગુજરાતમાં બુધવારે ભારે પવન સાથે વરસાદ નોંધાયો હતો. જેમાં વડોદરામાં અલગ અલગ સ્થળે ૫ અને કાલોલ પંથકમાં બે મહિલા સહિત કુલ ૭ વ્યક્તિનાં મોત થયા હતા. વડોદરામાં વાવાઝોડા દરમિયાન એક ચોવીસ વર્ષના યુવાનનું મોત નિપજ્યુ હતુ. પાદરામાં કિરણસિંહ છત્રસિંહ રાઠોડ (ઉ. ૫૦) પર નીલગીરીનું ઝાડ પડતાં મોત નિપજ્યું હતું. પાદરાના ખત્રીપુરામાં વીજ કરંટથી યુવાનનું અને વડોદરાના કપૂરાઈ નજીક મૂળ સુરતના ૪૫ વર્ષના જગદીશ હીરપરાની કાર પર વિશાળ બોર્ડ પડતાં મોત નિપજ્યું હતું.

## હિરાસર એરપોર્ટની સુરક્ષામાં છિંડા બે દિવસથી 80 CCTV કેમેરા બંધ

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષામાં મોટી ચુક થઈ છે. જે અંગે દિલ્હી ઉડ્ડયન મંત્રાલય સુધી તેની જાણ થતાં ભારે ચકચાર જાગી છે. અતિસંવેદનશીલ ગણાતા અને સુરક્ષાની દ્રષ્ટિએ કોઈપણ ચુક ચાલે નહીં તેવા રાજકોટનાં હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં ૮૦ જેટલા સીસીટીવી કેમેરા બે દિવસ સુધી બંધ રહેતાં ભારે દેકારો મચી ગયો હતો. આ મામલાને લઈને સુરક્ષા અધિકારીઓ અને એરપોર્ટ ઓથોરિટી વચ્ચે માથાકુટ થઈ હતી અને સમગ્ર મામલો ઉડ્ડયન મંત્રાલય અને એવીએશન વિભાગ સુધી પહોંચ્યો છે. બે દિવસ સુધી સીસીટીવી કેમેરા બંધ રહે તે મોટી ખામી કહી શકાય અને આ બે દિવસ દરમિયાન હવાઈ માર્ગે ગેરકાયદેસર રીતે કોણ કોણ ઘુસી ગયું તે પણ મોટો પ્રશ્ન ઉભો થયો છે.

## બટાકાનો ભાવ ૫૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલો પહોંચી ગયો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૭ ।

બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં સહુથી વધુ બટાકાનું ઉત્પાદન કરે છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી બટાકાના ભાવમાં સતત મંદી રહેતી હોવાથી બટાકાની ખેતી કરતા ખેડૂતોને બટાકાની ખેતીથી કિનારો કર્યો હતો. આ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં ૫૨૦૮૯ હેક્ટરમાં બટાકાનું વાવેતર થયું હતું. વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં જ બટાકાના ભાવમાં જોરદાર તેજી જોવા મળી હતી. બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે બટાકાના ઉત્પાદનની શરૂઆત થતાં જ ભાવ પ્રતિ વીસ કિલો ૩૪૦ રૂપિયા આસપાસ પહોંચી ગયો હતો અને અત્યારે તો બટાકાનો ભાવ પ્રતિ વીસ કિલોના ૫૦૦ રૂપિયાની આસપાસ જોવા મળી રહ્યો છે. બટાકાના ભાવમાં પ્રથમ વખત આટલી તેજી જોવા મળી છે અને ડીસામાં બટાકાનો ભાવ ઓલ ટાઈમ હાઈ થવા પાછળનું કારણ જાણવા માટે અમે ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરી પાસે પહોંચ્યા ત્યારે તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે ઉત્તર ભારતમાં થતી બટાકાની ખેતીમાં વ્યાપક નુકસાન થયું હતું.

# અમદાવાદના સાણંદ એપીએમસી ખાતેથી જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો શુભારંભ કરાવતા રાજ્યસભા સાંસદ નરહરિ અમીન

### અમદાવાદ શહેર-જિલ્લાના ૩૭૧૧ લાભાર્થીઓને સ્થળ પર જ રૂ. ૩૬૩ લાખથી વધુની સાધન સહાય, રૂ. ૫૫૮ લાખથી વધુના ચેકનું વિતરણ અને ૮૯૫ લોકોને હુકમપત્રો એનાયત કરાયા

। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીને આજે અમદાવાદના સાણંદ એપીએમસી ખાતેથી જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાના ૧૪મા તબક્કાનો શુભારંભ કરાવ્યો હતો. આ તકે સાંસદશ્રીએ જણાવ્યું કે રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી આ પરંપરાથી રાજ્યના આદિવાસી અને પહાડી વિસ્તારો સહિત છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાકીય સહાય અને લાભ પહોંચ્યા છે.

તેમણે જણાવ્યું કે ગરીબ કલ્યાણ મેળાના ૧૩ તબક્કામાં રાજ્યમાં ૧ કરોડ ૬૬ લાખ લાભાર્થીઓને કુલ ૩૬,૮૦૧ કરોડ રૂપિયાની સહાય અને લાભ સરકારની વિવિધ યોજનાઓ હેઠળ મળ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, નલ સે જલ યોજના જેવી ફ્લેગશીપ યોજનાઓથી જનસામાન્યના જીવનમાં



આવેલા પરિવર્તન વિશે પણ તેમણે છણાવટ કરી હતી. સાંસદશ્રીએ ઉમેર્યું કે ટેકનોલોજીના વિનિયોગથી સરકારી સેવા- સહાય લોકો સુધી પહોંચાડવામાં સ્પીડ અને સ્કેલ વધ્યા છે, વચેટિયાઓ નાબૂદ થયા છે. પરિણામે, આજે જન ધન બેંક ખાતાને કારણે લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સહાયના પૈસા સીધા પહોંચી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પરિપાટી વિકસાવી છે તેના પરિણામે તંત્રવાહકો, અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ હવે લોકોની વચ્ચે રહી ગ્રાસરૂટ લેવલે કાર્યરત રહે છે તેવો સ્પષ્ટ મત સાંસદશ્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને આસપાસના વિસ્તારમાં વસતા અને પાત્રતા ધરાવતા અન્ય નાગરિકોને પણ ગરીબ કલ્યાણ મેળાનો લાભ મળે તે અંગેની જાગૃતિ ફેલાવવા આહવાન કર્યું હતું.

આજે યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૩૧ લાભાર્થીઓને પ્રતીકાત્મક રૂપે મહાનુભાવોના હસ્તે સહાય કિટ અને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આજે યોજાયેલા જિલ્લા કક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં અમદાવાદ શહેર-જિલ્લાના ૩૭૧૧ લાભાર્થીઓને સ્થળ પર જ રૂ. ૩૬૩ લાખથી વધુની સાધન સહાય અને કિટ, રૂ. ૫૫૮ લાખથી વધુના ચેકનું વિતરણ અને ૮૯૫ નાગરિકોને હુકમપત્રો એનાયત કરાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગરીબ કલ્યાણ મેળાના આ ૧૪મા તબક્કામાં અત્યાર સુધીમાં અમદાવાદ જિલ્લાના કુલ ૨૪,૭૨૬ લાભાર્થીઓને સરકારી યોજનાઓ અંતર્ગત રૂ. ૬૧૪ કરોડથી વધુના લાભ અને સહાય અપાયા છે- આપવામાં આવનાર છે. આ તકે 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' વિષય પર ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું તેમજ સૌએ બનાસકાંઠાના ડીસા ખાતે આયોજિત રાજ્યકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું. આ પ્રસંગે તમામ ઉપસ્થિતોએ સ્વચ્છતાના શપથ પણ લીધા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી વસંતબા વાઘેલા, ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્ય શ્રી કમાભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ, સાણંદ પ્રાંત અધિકારી શ્રી ડી.બી. ટાંક, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશ કોરડિયા, શ્રી સૂરજ બારોટ તેમજ શ્રી હર્ષિત પટેલ, સાણંદ ઈન્ચાર્જ મામલતદાર શ્રી સી.એલ. સુતરિયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી નીરજ બારોટ, શ્રી રોનક પટેલ સહિતના અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટે સમાચાર

## શાળાઓમાં ધો. ૧ થી ૮ સુધીના વિવિધ વિષયોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૭ ।

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી ગુજરાત બોર્ડ હેઠળની શાળાઓમાં ધોરણ ૧ થી ૮ સુધીના વિવિધ વિષયોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવશે. તેથી, ૧૯ પુસ્તકો રદ કરવામાં આવશે અને નવા ઈન્સ્ટોલ કરવામાં આવશે. ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન સહિતના વિવિધ વિષયોના પુસ્તકો વિવિધ માધ્યમોમાં ઉપલબ્ધ થશે. ધોરણ ૧૨માં અર્થશાસ્ત્ર વિષયમાં નવા ચેપ્ટરના ઉમેરા સાથે આ વિષયના પુસ્તકમાં પણ ફેરફાર કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને નવો અભ્યાસક્રમ ભણાવવામાં આવશે. લાખો પુસ્તકો નવા પ્રિન્ટ કરીને શાળાઓમાં મોકલવામાં આવશે. ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન સહિતના વિવિધ વિષયોના પુસ્તકો વિવિધ માધ્યમોમાં ઉપલબ્ધ થશે. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન સહિતના તમામ માધ્યમોના પુસ્તકો બદલવામાં આવશે આગામી વર્ષથી ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ દ્વારા જુદા જુદા ધોરણમાં નવા પુસ્તકો અમલમાં મુકવામાં આવશે અને હાલના પુસ્તકો રદ કરી નવા પુસ્તકો શાળાઓમાં અમલમાં મુકવામાં આવશે. પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાયેલી યાદી મુજબ ધોરણ ૮માં તમામ માધ્યમોમાં ગણિત (દ્વિભાષી), ધોરણ ૩ અને ૬માં તમામ માધ્યમોમાં ગણિત, ધોરણ ૬માં ગુજરાતી માધ્યમમાં દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજી અને ધોરણ ૭માં સંસ્કૃત ફરજિયાત છે. ૨ અને ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન અને સામાન્ય શિક્ષણ વિષયના પુસ્તકો નવા સ્વરૂપમાં અમલમાં આવશે. ધોરણ ૮ માં વિજ્ઞાનને તમામ માધ્યમોમાં દ્વિભાષી બનાવવામાં આવશે અને ગુજરાતી પ્રથમ ભાષાને બદલીને ગુજરાતી માધ્યમ કરવામાં આવશે.

### દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય

## દેશ-વિદેશમાં ગુજરાતની બોલબાલા, ૧૮ કરોડથી વધારે મહેમાન પધાર્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ભારત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ગુજરાતની મુલાકાતે આવેલા પ્રવાસીઓ અંગે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષા અને શાંતિ માટે ઓળખાતા ગુજરાતની વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, આમાં ૧૭.૫૦ કરોડ સ્થાનિક પ્રવાસીઓ તેમજ ૨૩.૪૩ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૧.૩૮ કરોડથી વધુ પ્રવાસીઓએ એક દિવસ માટે જ્યારે ૭.૨૧ કરોડથી વધુ પ્રવાસીઓએ રાત્રિરોકાણ કર્યું હતું. જે ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ૧૪.૯૮ કરોડ હતી એટલે કે, ગયા વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૪.૦૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

પ્રવાસન મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ભારતભરમાંથી મુખ્યત્વે ધાર્મિક, બિઝનેસ, હેરિટેજ અને લીઝર એટલે કે પોતાના વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા, એમ ચાર ક્ષેત્રે રસ ધરાવતા પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે. મંત્રી મુળુભાઈએ જણાવ્યું હતું કે, ધાર્મિક પ્રવાસન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે દેશભરમાંથી સૌથી વધુ ૧.૬૫ કરોડ માઈ ભક્તોએ અંબાજી ખાતે માં અંબાના દર્શનનો લાભ લીધો છે. જ્યારે દેશના પ્રથમ જ્યોતિલિંગ એવા સોમનાથ મંદિર ખાતે ૯૭.૯૩ લાખ, દ્વારકા ખાતે ૮૩.૫૪ લાખ, મહાકાળી મંદિર પાવાગઢ ખાતે ૭૬.૬૬ લાખ તેમજ ડાકોર ખાતે ૩૪.૨૨ લાખ એમ કુલ મળીને ૪૫૭.૩૫ લાખ પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો છે. જ્યારે બિઝનેસના હેતુથી સૌથી વધુ અમદાવાદમાં ૨.૨૬ કરોડથી વધુ જ્યારે સુરતમાં ૬૨.૩૧ લાખ, વડોદરામાં ૩૪.૧૫ લાખ, રાજકોટમાં ૧૮.૫૯ લાખ અને ભરૂચમાં ૧૭.૭૨ લાખ એમ કુલ ૩૫૮.૭૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત કરી હતી. લીઝર એટલે કે વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર ૭૯.૬૭ લાખ, સાબરમતી રિવરફ્રન્ટની ૪૪.૭૬ લાખ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૪૩.૫૨ લાખ, સાયન્સ સિટીની ૧૩.૬૦ લાખ તેમજ ગુજરાતના એક માત્ર હિલ સ્ટેશન એવા સાપુતારાની ૧૧.૩૯ લાખ એમ મળીને કુલ ૧૯૨.૯૬ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

## અમદાવાદમાં ગરબા આયોજકો માટે ગાઈડલાઈન જાહેર કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ખેલૈયાઓએ ગરબે ઘૂમવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. નવરાત્રીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, પણ આ વખતે રાજકોટ આગકાંડને પગલે ફાયરબ્રિગેડે અમદાવાદમાં આયોજકો માટે ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં ૨૦થી વધુ નિયમો જાહેર કર્યા છે. નાનાથી લઈને મોટા ગરબાનું આયોજન કરનારા તમામ લોકોએ ફાયરબ્રિગેડે જાહેર કરેલા આ નિયમોનું પાલન કરવાનું રહેશે. નવરાત્રી દરમિયાન ફાયરબ્રિગેડની ટીમ ગરબાના સ્થળે સરપ્રાઈઝ ચેકિંગ કરશે અને જો એકપણ નિયમનો ભંગ થતો જણાશે તો તાત્કાલિક ગરબા બંધ કરાવી દેવામાં આવશે. કયા નિયમો જાહેર કરાયા છે તેની પર એક નજર કરીએ તો ભઠ્ઠી, ટ્રાન્સફોર્મર, સબ સ્ટેશનથી દૂર આયોજન કરવું, સ્ટ્રક્ચરમાં સ્ટોલ નહીં બનાવી શકાય.

**વિશેષ** ખેરાલુ તાલુકાની વિઠોડા ગામની શાળાએ ગ્રામજનો, શિક્ષકો અને આચાર્યના સંયુક્ત પ્રયાસથી અનેક સિધ્ધીઓ હાંસલ કરી

# ગુજરાતની એક એવી શાળા જે ખરા અર્થમાં વિદ્યાર્થીઓ માટે તીર્થભૂમિ બની

। (માહિતી) અમદાવાદ ।

પ્રધાનમંત્રી સ્કૂલ ઓફ રાઈઝિંગ ઈન્ડિયા (પીએમશ્રી) યોજના તળે દેશભરની ૧૪ હજારથી વધુ શાળાઓનો વિકાસ અને અપગ્રેડેશન થઈ રહ્યુ છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વિઠોડા ગામની પીએમશ્રી શ્રીમતી કમળાબેન બાબુલાલ શાહ અનુપમ પ્રાથમિક શાળાએ શિક્ષણ આપવાની આધુનિક પરિવર્તનકારી સર્વગ્રાહિ રીત અપનાવી શાળાના વિદ્યાર્થીઓને ઉચ્ચ મુકામ હાંસલ કરવામાં સહભાગી બની છે.

પીએમશ્રી શ્રીમતી કમળાબેન બાબુલાલ શાહ અનુપમ પ્રાથમિક શાળા, વિઠોડાની શાળાના આચાર્ય કનુંભાઈ પ્રજાપતિ જણાવે છે કે, સરકારશ્રીની પીએમશ્રી યોજના, ગ્રામજનોનો સહકાર અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસથી વિઠોડાની શાળાએ આજે અનેક સિધ્ધીઓ હાંસલ કરી છે.

વિઠોડાની આ શાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે રાત્રી વાંચન અને શિક્ષણ થકી ગુણાત્મક સુધારો થયો છે. આ ઉપરાંત હરિયાળી શાળા માટે વૃક્ષોનું વાવેતર,વર્મી કંપોસ્ટ અને ઓર્ગેનાઈઝર ફર્ટીલાઈઝર શેડ થકી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવી છે. શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓમાં રામદુકાન,વાંચનાલય,અક્ષયપાત્ર,હેલ્થ કોર્નર જેવા વિવિધ આયામો થકી વિદ્યાર્થીઓમાં હકારત્મક







વિચારોનું આદાન પ્રદાન અને માનવમૂલ્યોની સાચી સમજણની શિક્ષા શાળામાંથી આપવામાં આવે છે.

શાળાના પ્રવેશદ્વાર પર જ સપ્ત નદીઓ ગંગા, યમુના, ગાદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ અને કાવેરી તેવીજ રીતે માનવજાતને સુખિ અને સમૃધ્ધ બનાવવા માટે અદ્રિતિય યોગદાન આપ્યુ છે તેવા સાત ઋષિઓ (સપ્તર્ષિ ) કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ ચિત્રો કંડારાયા છે જેનાથી બાળકોમાં ભણતર સાથે જ્ઞાનવર્ધક-આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન થાય છે.

પીએમશ્રી સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત વિઠોડાની શાળા છ પાયાના સિધ્ધાંતો પર કામ કરી રહી છે.જેમા શિક્ષણ અને સમયાંતરે મુલ્યાંકન, માળખાકિય સુવિધાઓ, માનવસંશાધન, સમાવેશી અભ્યાસ, વ્યવસ્થા-નિરીક્ષણ-ગર્વનસ સહિત સંતુષ્ટીના પાયા પર ઉત્તમ શિક્ષણ થકી ઉત્તમ નાગરિકોના નિર્માણનું કાર્ય શાળા દ્વારા થઈ રહ્યુ છે.

શાળામાં વિદ્યાર્થીઓ માટે અલગ ચિત્ર રૂમ, અલગ સંગીત રૂમ તેમજ ડમ્બ મેનેજમેન્ટ થકી જોખમી કચરો,સેનેટરી કચરો અને ભીનો કચરો અલગ પાડી મારી શાળા સ્વચ્છ શાળાના સુત્ર સાથે સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવે છે.

વધુ માં બાળકોમાં સમાનતા નો ભાવ ઉત્પન્ન થાય તે માટે સાથે ભોજનની શાળાએ અનોખી પહેલ કરી છે.મધ્યાહન ભોજન અને બાળકોના વાલીઓ દ્વારા રિશેસમાં લાવેલ ટિફિન નો સમન્વય કરી તમામ બાળકો સાથે શિક્ષકો જમી સમાનતા નો ભાવ જાગ્રત થાય છે. પીએમશ્રી યોજના અંતર્ગત ઈન્ડોર સ્ટેડિયમ થકી આજે અનેક બાળકોના સર્વાંગિ વિકાસ થયો છે. ઈન્ડોર સ્ટેડિયમમાં દરરોજ સવારે નવ કલાકથી ૧૦-૪૫ કલાક સુધી કોચ પંકજભાઈ દ્વારા ૨૦ પ્રકારની વિવિધ રમતોની પ્રેક્ટીસ કરાવવમાં આવે છે.

શાળામાં આ રમતોની પ્રેક્ટિસને કારણે શાળઆના વિધાર્થીઓ રાઈફલ શૂટિંગમાં નેશનલ કક્ષાએ ૧૬ મેડલ મેળવ્યા છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૩ બાળકો બેંકોગ ખાતે રમવા જવાના છે. વધુમા શાળાના બાળકો દ્વારા ટેકવોંડો રમતમાં ૧૧ મેડલ મેળવેલ છે. તેમજ આર્ચરીમાં ૬ બાળકો સ્ટેટ કક્ષાએ રમવા જવાના છે જેનાથી જિલ્લા અને રાજ્યને ગૌરવપ્રાપ્ત થયું છે.

મિનિસ્ટ્રિ ઓફ એંજ્યુકેશન ન્યુ દિલ્લી પ્રેરિત નેશનલ સેન્ટર ફોર સ્કૂલ લીડરશીપ પ્રોગ્રામ અંતર્ગત ૨૭ સપ્ટેમ્બરના રોજ શાળાના આચાર્ય કનુંભાઈ પ્રજાપતિ લાઈવ સ્ટ્રીમીંગમાં જોડાયા હતા જેઓએ શાળાની વિવિધ પ્રવૃત્તિઓ થકી અન્ય શાળાઓ માટે માર્ગદર્શક રૂપ કામ કર્યું હતું.આ સ્ટ્રીમીંગમાં **NCSL. NIEPA,** ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. જ્ઞાનેશ્વરી લોન્ગીયમ પણ જોડાયા હતા

શિક્ષણ એવું હોવું જોઈએ કે જે બાળકના વ્યક્તિત્વને માનસિક, શારીરિક અને આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ બનાવે. અને વિઠોડાની આ પીએમશ્રી શ્રીમતી કમળાબેન બાબુલાલ શાહ અનુપમ પ્રાથમિક શાળા જિલ્લા અને રાજય સ્તરના અધિકારીઓના સતત માર્ગદર્શનથી રાષ્ટ્રને ઉત્તમ નાગરિક આપવાના પ્રયાસના ભાગ રૂપે ઉચ્ચત્તમ શિક્ષણનો વારસો આપી રહી છે.

**છઠ્ઠા દલાઈ લામાના નામ પર રાખતા ચીનને મરચાં લાગી રહ્યા છે, ચીને આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતાં ફરી એકવાર આ વિસ્તાર પર પોતાનો દાવો મુક્યો છે**

# અરૂણાચલના પર્વતને પર્વતારોહકે દલાઈ લામાનું નામ આપતાં ચીન અકળાયું

। (એજન્સી) ઈટાનગર, તા.૨૭ ।

અરૂણાચલ પ્રદેશને લઈને ચીને એકવાર ફરી, પોતાના નાપાક ઈરાદા જાહેર કર્યા છે. ભારતીય પર્વતારોહકો દ્વારા અરૂણાચલ પ્રદેશના એક પહાડનું નામ છઠ્ઠા દલાઈ લામાના નામ પર રાખતા ચીનને મરચાં લાગી રહ્યા છે. ચીને આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતાં ફરી એકવાર આ વિસ્તાર પર પોતાનો દાવો મુક્યો છે. હકીકતમાં, નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ (NIMAS) ની એક ટીમે અરૂણાચલ પ્રદેશમાં ૨૦,૯૪૨ ફૂટ ઊંચી બેનામી પહાડ પર ચઢાઈ કરી હતી અને તેનું નામ છઠ્ઠા દલાઈ લામા ત્સાંગયાંગ ગ્યાત્સોના નામ પરથી રાખવાનો નિર્ણય લીધો હતો. ત્સાંગયાંગ ગ્યાત્સો ૧૬૮૨ માં તવાંગના ક્ષેત્રમાં જન્મ્યા હતાં. જણાવી દઈએ કે, જે પહાડ પર પર્વતારોહકોએ ચઢાણ કર્યું હતું, ત્યાં અત્યાર સુધી કોઈ ચઢ્યું ન હતું. NIMAS રક્ષામંત્રાલની હેઠળ કામ કરે છે. રક્ષા મંત્રાલયે એક પ્રેસ રીલીઝમાં કહ્યું હતું કે, ‘છઠ્ઠા દલાઈ લામાના નામ પર પહાડીનું નામ રાખવું તેમની અમર બુદ્ધિમત્તા અને મોનપા સમુદાયના પ્રતિ તેમના યોગદાનને સન્માનિત કરવા માટે છે.’ અરૂણાચલ પ્રદેશમાં પહાડીનું નામ છઠ્ઠા દલાઈ લામાના નામ પરથી રાખ્યા બાદ, પાડોશી દેશ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જીયાને કહ્યું, તમે કયાં વિષય પર વાત કરી રહ્યા છો, મને જાણકારી નથી. તેઓએ કહ્યું કે, ‘મારે કહેવું જોઈએ કે, જંગનાન (ભારતનું અરૂણાચલ પ્રદેશ, જેને ચીન જંગનાન કહીને બોલાવે છે) નું ક્ષેત્ર



ચીની ક્ષેત્ર છે અને ભારત માટે ચીની ક્ષેત્રને અરૂણાચલ પ્રદેશ સ્થાપિત કરવું ગેરકાયદેસર અને અમાન્ય છે.’ જણાવી દઈએ કે, ચીને ૨૦૧૭ થી અરૂણાચલ પ્રદેશમાં સ્થાનનું નામ બદલવાનું શરૂ કરી દીધું છે, જેથી પોતાના દાવાને મજબૂત કરી શકાય. ભારતે ચીનને અરૂણાચલ પ્રદેશ પર દાવાને નકારતા કહ્યું કે, અરૂણાચલ ભારતનો અભિન્ન ભાગ છે. કોઈના ગેરકાયદેસર દાવાથી તે બદલાઈ નથી જવાનું. અરૂણાચલ પ્રદેશને લઈને ભારત અને ચીનની વચ્ચેના વિવાદનો એક અલગ ઈતિહાસ છે. ચીન ભારતના વિસ્તાર પર પોતાનો દાવો કરે છે, જ્યારે ભારત તેને પોતાનો અભિન્ન ભાગ માને છે. ચીન અવારનવાર અરૂણાચલ પ્રદેશને લઈને નિવેદનો આપ્યા રાખે છે. અરૂણાચલના ઘણાં વિસ્તારોનું નામ બદલીને ચીન આ વિસ્તારમાં પોતાના દાવાને મજબૂત કરવાનો પ્રયત્ન કરતું રહે છે. હકીકતમાં, ચીન અરૂણાચલના લોકોને ભારતના નાગરિક નથી માનતું. તેનું કહેવું છે કે, અરૂણાચલ ચીનનો ભાગ છે, તેથી ત્યાંના લોકોને ચીન આવવા માટે વિઝાની જરૂર નથી. નિષ્ણાંતોનું માનવું છે કે, ચીન એટલે સ્ટેપવેલ વિઝા આપે છે કારણ કે, તે માત્ર કાગળનો દસ્તાવેજ છે. જો તે વિઝા આપવા લાગશે તો તેનો અર્થ એવો થશે કે, તેણે અરૂણાચલ પર ભારતના દાવાને સ્વીકારી લીધો છે. આ કોઈ રહસ્ય નથી કે ચીન ભારતીય સીમાની સામે સેંકડો મૉડલ ગામ વસાવી રહ્યું છે. તેમાંથી ઘણી તો એવી જગ્યા છે, જેને બીજા દેશ પોતાનો વિસ્તાર કહે છે. સામાન્ય નાગરિકોની આ વસાહત બીજીંગ માટે આંથ અને કાનનું કામ કરે છે. ચીન તેના આધારે પોતાના તાકત વધારે છે. સીમા પર જરૂરી સામાન મોકલે છે. ચીનના ભારત-ચીન સીમા પાસે પોતાની સુરક્ષા વધારવા માટે હેલિપોર્ટનું નિર્માણ કરી રહ્યું છે. વળી, એવી પણ માહિતી મળી રહી છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, અરૂણાચલના ઘણાં વિસ્તારો ચીનના નિશાના પર છે. માર્ચ, ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અરૂણાચલ પ્રદેશની યાત્રા કરી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## અયોધ્યાની કોકા-કોલા ફેક્ટરીમાં હિન્દુ કર્મચારીઓને રક્ષાસૂત્ર કાપવાની ફરજ પડી



। (એજન્સી) અયોધ્યા, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં કોકા કોલા કંપનીનો એક વીડિયો બહાર આવ્યો છે જેમાં કંપનીની અંદર જતા તમામ હિન્દુ કર્મચારીઓના કાંડા પર પહેરેલા રક્ષાસૂત્ર કાપવાની ફરજ પાડવામાં આવે છે. આ રક્ષાસૂત્ર કાપ્યા વગર કોઈ કર્મચારીને અંદર પ્રવેશ કરવા દેવામાં આવતા નથી. વીડિયોમાં જોઈ શકાય છે કે, જ્યાંથી કર્મચારીઓ કંપનીમાં પ્રવેશી રહ્યા છે ત્યાં સુરક્ષા ગાર્ડ તેમની તપાસ કરી રહ્યા છે અને અંદર જતા પહેલા તેઓ કર્મચારીઓના રક્ષાસૂત્ર કાપીને ટેબલ પર રાખી રહ્યા છે. ટેબલ પર ઘણા રક્ષાસૂત્ર કાપીને રાખવામાં આવ્યા છે. એક વ્યક્તિએ આ બાબતનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે. આ વીડિયો બહાર આવ્યા બાદ કંપની દ્વારા સ્પષ્ટીકરણ પણ આપવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, જે વીડિયો બહાર આવ્યો છે તે અયોધ્યાના પુરા કલંદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી કોકા-કોલા કંપનીનો છે. અહીં એક વ્યક્તિ કામ માટે અંદર જઈ રહ્યો હતો અને પરંતુ તેણે હાથ પર રક્ષાસૂત્ર બાંધ્યું હતું. જ્યારે સિક્યોરિટી ગાર્ડે તેને રક્ષાસૂત્ર કાપવાનું કહ્યું તો તેણે સમગ્ર ઘટનાનો વીડિયો રેકોર્ડ કર્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે, વ્યક્તિ વારંવાર કહી રહ્યો છે કે રક્ષાસૂત્ર કાપીને હિન્દુઓનું અપમાન થઈ રહ્યું છે. વીડિયોમાં તે વ્યક્તિ સિક્યોરિટી ગાર્ડ સાથે વાત કરતો પણ જોવા મળે છે.

## અમેરિકામાં ત્રાટકનાર વાવાઝોડું આખરે ખતરનાક સ્તરે પહોંચ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

અમેરિકામાં ત્રાટકનાર હરિકેન હેલેન ખૂબ જ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. આ વાવાઝોડાને કારણે દક્ષિણ-પૂર્વ અમેરિકાના ઘણા વિસ્તારોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. હેલેન એક વિનાશક કેટેગરી ૪ વાવાઝોડામાં તીવ્ર બની છે. આનાથી તે આ વર્ષે યુ.એસ.માં ત્રાટકનાર સૌથી શક્તિશાળી વાવાઝોડાઓમાંનું એક છે. એડમિનિસ્ટ્રેશન આગાહી કરે છે કે એટલાન્ટિક વાવાઝોડા આ વર્ષે રેકોર્ડ-ગરમ સમુદ્રના તાપમાનને કારણે સરેરાશ કરતા વધારે રહેશે. હેલેન વર્ષોમાં આ પ્રદેશમાં ત્રાટકનાર સૌથી મોટા વાવાઝોડાઓમાંનું એક હોવાની આગાહી કરવામાં આવી છે. હરિકેન હેલેનની મોટાભાગની શક્તિ મેક્સિકોના અખાતના પાણીમાંથી આવી હતી, જે પહોંચી હતી. યુએસ નેશનલ હરિકેન સેન્ટર અનુસાર, આ તોફાનને કારણે ૨૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડું હાલમાં ટેમ્પાથી લગભગ ૧૯૫ કિલોમીટર પશ્ચિમમાં સ્થિત છે. આ વાવાઝોડાએ ફ્લોરિડામાં ૨૫૦,૦૦૦ થી વધુ ઘરો અને વ્યવસાયોને પહેલેથી જ પાવર આઉટ કરી દીધા છે.

**મહાયુતિના સાથી પક્ષોમાં બધુ બરાબર ચાલી રહ્યું નથી!**

# દેવેન્દ્ર ફડણવીસે લોકસભામાં હારનું ઠીકરું અજિત પવાર પર ફોડતાં રાજકારણ ગરમાયું

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. પરંતુ ભાજપના નેતા અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એવું નિવેદન આપ્યું છે, જેનાથી મહાયુતિની અંદર રાજકીય માહોલ ગરમાઈ શકે છે. લોકસભાની ચૂંટણી પછી આ પહેલીવાર બન્યું છે, જ્યારે ભાજપના નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ અજિત પવારને લોકસભા ચૂંટણીમાં નબળા પ્રદર્શન માટે જવાબદાર ઠેરવ્યા છે. એક કાર્યક્રમમાં ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યુ હતું કે, અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના મતો ટ્રાન્સફર થયા નથી. તેથી લોકસભા ચૂંટણીમાં મહાયુતિનું પ્રદર્શન નબળું રહ્યું હતું. તેમજ ભાજપના નબળા પ્રદર્શનનું આ એક મુખ્ય કારણ છે.’ ફડણવીસનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે એવા અહેવાલો છે કે મહાયુતિના સાથી પક્ષોમાં બધુ



બરાબર ચાલી રહ્યું નથી. ગુરુવારે મુંબઈમાં એક કાર્યક્રમમાં ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, તે સાચું છે કે ભાજપના મુખ્ય મતદારોએ એનસીપી સાથેના જોડાણને નકારી કાઢ્યું છે કારણ કે અમે પરંપરાગત હરીફો રહ્યા છીએ. પરંતુ હવે અમે અમારા સ્ટેન્ડમાંથી ૮૦ ટકા લોકોને મનાવવામાં સફળ થયા. પક્ષ આરએસએસને આવા ગઠબંધન પાછળના ઉદ્દેશ્ય વિશે સમજાવવામાં સફળ રહી છે.’ ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતુ કે, ‘સાથી પક્ષોના મતોનું ટ્રાન્સફર થયા નથી. પરંતુ ભાજપ તેના મજબૂત કેડર સાથે તેના મતો સાથી પક્ષોને ટ્રાન્સફર કરવામાં સફળ રહી હતી. શિવસેના માટે તેના મતો ભાજપને ટ્રાન્સફર કરવાનું સરળ હતું કારણ કે તેઓ લાંબા સમયથી ચૂંટણી ભાગીદાર તરીકે જોડાયેલા હતા. જો કે, ભાજપ હંમેશા એનસીપી સામે ચૂંટણી લડતી હોવાથી, એનસીપીમાંથી ભાજપમાં મત ટ્રાન્સફર કરવાનું મુશ્કેલ હતું. હું આને NCP મતદારો માટે સેટલમેન્ટ પિરિયડ કહીશ.’ વિધાનસભા ચૂંટણી પહેલા મહાગઠબંધનમાં કોઈ સુધારાની શક્યતાને નકારી કાઢતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, ‘કોઈપણ સુધારા માટે કોઈ સમય નથી. આપણે વર્તમાન માર્ગ પર જ આગળ વધવાનું છે. અમે અમારી જમીન ઘણી હદ સુધી પાછી મેળવી લીધી છે.’ ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (અજિત જૂથ)ના વડા અજિત પવારે મુખ્યમંત્રી બનવાની ઈચ્છા પર ખુલીને વાત કરી હતી.

**૧૨થી સીધા ૫ ટકા પર આવી જશે ટેક્સ**

## દવા-બાઈક સહિત ૧૦૦ વસ્તુ પર રાહતની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

મોંઘવારી સામે ઝઝૂમી રહેલા સામાન્ય માણસને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. કારણ કે, કેન્દ્ર સરકાર ૧૦૦થી વધુ સામાન પર જીએસટીના દરોમાં ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. જેમાં જરૂરી દવાઓ, બાઈક અને અન્ય ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, કેન્દ્ર સરકારના મંત્રીઓના જૂથ (GoM) એ GST દરોમાં સુધારો કરવાના પ્રયાસો તેજ કર્યા છે જેમાં ૧૦૦ થી વધુ વસ્તુઓ પરના ટેક્સ દરોમાં સુધારો કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ અંગે પશ્ચિમ બંગાળના નાણામંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે GST ૧૨% થી ઘટાડીને ૫% કરવા પર વિચારણા કરવામાં આવી રહી છે અને આગામી બેઠક ૨૦ ઓક્ટોબરે યોજાશે. આ ૧૦૦ વસ્તુઓમાં બાઈક અને બોટલ્ડ વોટર જેવી મહત્વની વસ્તુઓનો સમાવેશ થાય છે. GST દરોને તર્કસંગત બનાવવા માટેના મંત્રીમંડળે ૧૨% અને ૧૮% સ્લેબને મર્જ કરવા ઉપરાંત ૧૦૦ થી વધુ વસ્તુઓ પર દરો પર ફરીથી કામ કરવાની દરખાસ્તો પર ચર્ચા કરી છે, પરંતુ તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તેનું વિશ્લેષણ કરવાનું





બાકી છે. એફએમ ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે સામાન્ય માણસ દ્વારા ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓ પરના ટેક્સના દરો ઘટાડવા જોઈએ અને ખાદ્ય ચીજવસ્તુઓ પરના જીએસટી દરને ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવા જોઈએ. હાલમાં, મોટરસાઈકલ અને તેના પાર્ટ્સ અને એસેસરીઝ પર ૧૨ ટકા જીએસટી લાગે છે, જ્યારે ઈ-સાઈકલ પર પાંચ ટકા ટેક્સ લાગે છે. પશ્ચિમ બંગાળના નાણાપ્રધાન ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે GST દરો પર ફિટમેન્ટ કમિટી દ્વારા વિચારણા કરવામાં આવશે. જેમાં સામાન્ય લોકો દ્વારા ઉપયોગમાં લેવાતી કેટલીક વસ્તુઓ પર જીએસટીના દરમાં ઘટાડો કરવામાં આવશે. તે જ સમયે, કેટલીક લકઝરી વસ્તુઓના દરમાં વધારો કરવામાં આવશે, જેથી આવકમાં કોઈ નુકસાન ન થાય.

**વિશ્વ બેંકનો વિશ્વાસ**

## UP ભારતની પ્રગતિમાં બનશે કિંગમેકર, વર્લ્ડ બેંકની જાહેરાત

। (એજન્સી) લખનૌ, તા.૨૭ ।

માત્ર ભારતીયો જ નહીં પરંતુ હવે વિશ્વ બેંકને પણ ભારતની પ્રગતિમાં વિશ્વાસ છે. વિશ્વ બેંકના ઉપાધ્યક્ષ (દક્ષિણ એશિયા ક્ષેત્ર) માર્ટિન રેઝરે કહ્યું છે કે ઉત્તર પ્રદેશ ભારતના ‘મિશન ૨૦૪૭’ને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ‘મિશન ૨૦૪૭’ હેઠળ દેશને આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. રેઝરએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મુખ્ય સચિવ મનોજ સિંહ સાથે ચર્ચા કરી કે કેવી રીતે વિશ્વ બેંક ઉત્તર પ્રદેશને US$ ૧,૦૦૦ બિલિયનનું અર્થતંત્ર બનાવવામાં મદદ કરી શકે. તેમણે કહ્યું કે અમે ભારત માટે નવી (ઉધાર) વ્યૂહરચના ચક્ર શરૂ કરી રહ્યા છીએ અને આ વ્યૂહરચના ચક્ર સામાન્ય રીતે ચાર-પાંચ વર્ષ માટે હોય છે. તેમણે કહ્યું કે, છેલ્લા બે દિવસમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ સાથે ચર્ચા કરાયેલા મુદ્દાઓના આધારે વિશ્વ બેંક આગામી બે-ત્રણ વર્ષમાં એક અબજ ડોલર અથવા તેનાથી વધુની લોન અથવા નાણાકીય સહાય સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું કે, ભારતના મિશન ૨૦૪૭માં ઉત્તર પ્રદેશ કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. ઉત્તર પ્રદેશના ૧૦૦૦ અબજ ડોલરની અર્થવ્યવસ્થા બનવાના પ્રશ્ન પર રેઝરે કહ્યું કે મને લાગે છે કે તે સંપૂર્ણપણે વ્યવહારુ છે. પરંતુ તેને આગળ લઈ જવા માટે સુધારાની જરૂર છે. આ માત્ર ઉત્તર પ્રદેશને જ નહીં પરંતુ સમગ્ર ભારતને લાગુ પડે છે. તેમણે વધુમાં કહ્યું કે, વિશ્વ બેંક ઉત્તર પ્રદેશમાં તેની ખેતીને આધુનિક બનાવવા, પાકનું ઉત્પાદન વધારવા અને પાણીના વધુ કાર્યક્ષમ ઉપયોગની સાથે ખાતરોના વધુ પડતા ઉપયોગને ઘટાડવા માટે એક પ્રોજેક્ટ બનાવી રહી છે. આનાથી ખેડૂતોને પરંપરાગત રોકડિયા પાકોમાંથી વધુ મૂલ્યવર્ધિત ઉત્પાદનો તરફ વળવામાં મદદ મળશે.

# રીલ બનાવવા માટે પોલીસ એસ્કોર્ટ સાથે ખુલ્લી જીપમાં નીકળ્યો DyCMનો દીકરો

। (એજન્સી) જયપુર, તા.૨૭ ।

રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાના દીકરાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ડેપ્યુટી સીએમના દીકરો આશુ બૈરવા ટશનમાં ખુલ્લી હૂડવાળી જીપ ચલાવીને રીલ બનાવતો જોવા મળે છે. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, પોલીસ એસ્કોર્ટની ગાડીઓ તેની આગળ અને પાછળ દોડી રહી છે. ટ્રાફિક નિયમોનો ભંગ કરતા બનેલા આ વીડિયોએ VVIP પ્રોટોકોલના દુરુપયોગ પર અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જીપમાં આશુ બૈરવા સાથે અન્ય ત્રણ યુવકો પણ છે, જેમાંથી એકનું નામ કાર્તિકેય ભારદ્વાજ હોવાનું કહેવાય છે. કાર્તિકેય કોંગ્રેસના નેતા



પુષ્પેન્દ્ર ભારદ્વાજના દીકરો છે, જેમણે હાલના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સામે સાંગાનેર વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી હતી. જો કે, રાજકારણીઓના આ પુત્રોને મોજ-મસ્તી માટે પોલીસ એસ્કોર્ટ કેમ મળ્યો તે સમજની બહાર છે. ડેપ્યુટી CM પ્રેમચંદ બૈરવા પાસે ટ્રાન્સપોર્ટ વિભાગનો હવાલો પણ છે, પરંતુ તેમનો જ પુત્ર બેફામ વાહન ચલાવીને ટ્રાફિકના નિયમોનો ભંગ કરી રહ્યો છે. વાયરલ વીડિયોમાં ચાર છોકરાઓ ખુલ્લી જીપમાં સવાર છે, જેઓ વરસાદની મોસમમાં ભીંજાઈને મજા લેતા જોવા મળે છે. તેમની પાછળ પોલીસની કાર દોડી રહી છે, જે ક્યારેક જીપની આગળ તો ક્યારેક તેની પાછળ દોડતી જોવા મળે છે. જોકે આ વીડિયો ક્યારે અને ક્યાંનો છે તે સ્પષ્ટ નથી. દાવો કરવામાં આવી રહ્યો છે કે, જીપ ચલાવનાર યુવક નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાનો પુત્ર છે અને બીજી તરફ કોંગ્રેસ નેતા પુષ્પેન્દ્ર ભારદ્વાજનો પુત્ર બેઠો છે. ડેપ્યુટી CMના પુત્ર જે કાર ચલાવી રહ્યા છે તે કોંગ્રેસના નેતાના પુત્રની છે.

## ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેકગ્રા અને અનિલ કુંબલેને પાછળ છોડ્યા

। (એજન્સી) કાનપુર, તા.૨૭ ।

કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ સેશન બાંગ્લાદેશના પક્ષમાં વધુ રહ્યો. ભારતીય ટીમ બાંગ્લાદેશના માત્ર ૨ બેટ્સમેનોને પ્રથમ સેશનમાં આઉટ કરી શકી. બંને વિકેટ આકાશદીપના ખાતામાં ગઈ. લંચ બ્રેક સુધી બાંગ્લાદેશે ૨ વિકેટ ગુમાવીને ૭૪ રન સ્કોરબોર્ડ પર લગાવ્યા હતા. લંચ બ્રેકમાં વરસાદને કારણે થોડો વિલંબ થયો પરંતુ થોડી રાહ જોયા પછી મેચ ફરીથી શરૂ થઈ ગઈ. બીજા સેશનની શરૂઆત સાથે જ ભારતીય કેપ્ટને આર અશ્વિનને બોલ સોંપ્યો અને તેનું પરિણામ તરત જ જોવા મળ્યું. લંચ પછી પોતાનો બીજો ઓવર ફેંકતા અશ્વિને બાંગ્લાદેશના કેપ્ટન નજમુલ હસન શાંતોને ૩૧ રનના વ્યક્તિગત સ્કોર પર પેવેલિયનનો રસ્તો બતાવ્યો. આ રીતે સ્પિનર આર અશ્વિને નવો ઈતિહાસ રચ્યો. નજમુલને આઉટ કરતાં જ આર અશ્વિન એશિયામાં બીજા સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયા. તેમણે દેશના અનિલ કુંબલેને પાછળ છોડ્યા જેમણે એશિયામાં ૪૧૯ વિકેટ ટેસ્ટમાં ઝડપી હતી. આર અશ્વિને નજમુલને ન્મ્ઉ આઉટ કર્યો અને આની સાથે જ તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ન્મ્ઉ વિકેટ લેનાર પમા બોલર બની ગયા. તેમણે ઓસ્ટ્રેલિયાના મહાન બોલર ગ્લેન મેકગ્રાને પાછળ છોડ્યો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ LBW વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે.

## બળવાખોર-અપક્ષ ઉમેદવારો બગાડી રહ્યા છે ભાજપ-કોંગ્રેસના સમીકરણ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૭ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ફરીદાબાદ જિલ્લાની છ બેઠકો પર મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસમાં જ છે પરંતુ બાગી અને અપક્ષ ઉમેદવારો બંને દળોના સમીકરણ બગાડતા નજર આવી રહ્યાં છે. ફરીદાબાદ બેઠક પર વૈશ્ય વોટ વધુ છે. કોંગ્રેસ અને ભાજપ બંનેએ વૈશ્ય ઉમેદવાર જ મેદાનમાં ઉતાર્યા છે. અહીં ભાજપ અને કોંગ્રેસની વચ્ચે ટક્કર છે. ગત ચૂંટણીમાં આ બેઠક પર કોંગ્રેસને જીત મળી હતી. ભાજપે અહીંથી પહેલા ચૂંટણી લડી રહેલા નાગેન્દ્ર ભડાનાની ટિકિટ કાપીને સતીશ ફાગનાને મેદાનમાં ઉતાર્યા છે. ટિકિટ કપાવાથી નારાજ નાગેન્દ્ર ભડાના ઈનેલોમાં સામેલ થઈ ગયા છે અને ઈનેલો-બસપા ગઠબંધનની ટિકિટ પર ઉમેદવાર છે. આ બેઠક પર ત્રિકોણીય મુકાબલો જોવા મળી રહ્યો છે. તિગાંવ બેઠક પર કોંગ્રેસ અને ભાજપના સમીકરણ અપક્ષ ઉમેદવાર લલિત નાગર બગાડતા નજર આવી રહ્યાં છે. કોંગ્રેસે લલિત નાગરના સ્થાને યુવા નેતા રોહિત નાગર પર વિશ્વાસ વ્યક્ત કરતાં તેમને મેદાનમાં ઉતાર્યા છે. ટિકિટ કપાવાથી બાગી થયેલા લલિત નાગર અપક્ષ ચૂંટણી લડી રહ્યાં છે. જેનાથી કોંગ્રેસ કાર્યકર્તા પણ વહેંચાઈ ગયા છે. ભાજપે પોતાના વર્તમાન ધારાસભ્ય રાજેશ નાગર પર જ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વલ્લભગઢ બેઠક પર ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯માં જીતેલા મૂલચંદ્ર શર્મા પર જ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## બે અઠવાડિયામાં ખાદ્યતેલોમાં ૩૪૫ રૂપિયાનો વધારો ઝીંકાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્ર સરકારે ૧૩ દિવસ પહેલા આયાતી ખાદ્યતેલો પર કસ્ટમ ડ્યુટીમાં ૨૦ ટકા વધારો કર્યા બાદ ખાદ્યતેલોમાં બેલગામ, બેફામ ભાવવધારાનો દોર શરુ કરી દેવાયો છે. તેલના ભાવ નહીં વધારવાની અપીલોને ઠુકરાવી દેવાઈ છે અને તંત્રની નિષ્ક્રીયતાનો અને મીઠી નજરનો લાભ ઉઠાવીને તેલ લોબી નફાખોરી પર ઉતરી ગઈ છે. સરકારનું કોઈ નિયંત્રણ જ ન હોય તે રીતે માત્ર પામતેલ કે સોયાબીન તેલ જ નહીં પરંતુ, મગફળી સિવાયના તમામ ખાદ્યતેલોના ૧૫ કિલોના ડબા પર બે સપ્તાહથી પણ ઓછા સમયમાં રૂ.૨૧૦થી રૂ.૩૪૫ સુધીનો એટલે કે એક કિલોએ રૂ.૧૪થી રૂ.૨૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે અને હજુ પણ ભાવવધારાનો ડામ જારી છે. તા.૧૪ સપ્ટેમ્બરથી આયાત ડ્યુડી વધારાનો અમલ થવાની સાથે જ ખેડૂતોને તેમના પાકને વધુ ભાવ મળે કે નહીં પણ ગ્રાહકોને તાત્કાલિક ધોરણે મોંઘવારીનો ડામ આપવાનું શરુ કરી દેવાયું છે. ગત તા. ૧૩ની સાપેક્ષે તા. ૨૬ સપ્ટેમ્બરે પ્રતિ ૧૫ કિલો ડબ્બાના, પામતેલમાં રૂ. ૩૪૫, નારિયેળ તેલમાં રૂ.૩૦૦, કપાસિયા તેલમાં રૂ.૨૮૦, સૂર્યમુખી તેલમાં રૂ.૨૭૦ અને એરંડિયામાં રૂ.૨૧૦નો વધારો કરાયો છે. માત્ર ગત બે દિવસમાં જ નારિયેળ તેલમાં રૂ.૧૦૦નો વધારો કરાયો છે. શ્રીફળના ભાવમાં પચાસ ટકા જેવા તોતિંગ વધારાના પગલે ગત ચાર દિવસમાં કોકોનટ ઓઈલમાં તો પ્રતિ ૧૫ કિલોએ રૂ.૨૫૦નો વધારો કરાયો છે.

## તંત્રી લેખ...

# ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ફોન નિર્માતા દેશ બન્યો

મેક ઈન ઈન્ડિયા અભિયાનનાં દસ વર્ષ પૂરાં થવાના અવસર પર વડાપ્રધાને તેની સફળતાનો જે ઉલ્લેખ કર્યો, તેની સાથે અસંમત તો ન થઈ શકાય, પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે આ પહેલને હજુ પણ વધારે સફળ બનાવી શકાય તેમ હતી. આ અભિયાને કેટલીય ઉલ્લેખનીય સફળતાઓ હાંસલ કરી છે, જેમ કે દસ વર્ષ પહેલાં દેશમાં મોબાઈલ ફોન બનાવનારી માત્ર બે કંપનીઓ હતી. આજે તેમની સંખ્યા વધીને બસો જેટલી થઈ ગઈ છે. તેને કારણે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ફોન નિર્માતા દેશ બની ગયો છે. પહેલાં માત્ર ૧૫૫૬ કરોડ રૂપિયાના મોબાઈલ ફોન નિકાસ થતા હતા. હવે ૧.૨ લાખ કરોડ રૂપિયાના મોબાઈલ નિકાસ થઈ રહ્યા છે અને દેશમાં ઉપયોગ થનારા ૯૯ ટકા મોબાઈલ મેક ઈન ઈન્ડિયા છે. એ જ રીતે ફિનિશ્ડ સ્ટીલના ઉત્પાદનમાં વધારો થયો છે. રમકડાંના નિર્માણમાં પણ ભારતે ઉલ્લેખનીય પ્રગતિ કરી છે અને હવે તેની આયાત ઘટીને અડધી થઈ ગઈ છે. એ પણ મહત્ત્વપૂર્ણ છે કે દેશમાં સેમીકંડક્ટરના નિર્માણ માટે જે રીતે દોઢ લાખ કરોડનું રોકાણ થયું છે, તેનાથી પાંચ પ્લાન્ટ લાગવાના છે, જે દરરોજ સાત કરોડ ચિપ બનાવશે. ભારત નવીકરણીય ઊર્જાના ઉત્પાદનમાં હવે દુનિયામાં ચોથા નંબર પર છે અને દેશનો ઈવી ઉદ્યોગ હવે ત્રણ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. રક્ષા ક્ષેત્ર પણ મેક ઈન ઈન્ડિયાની સફળતાની કહાની કહે છે. દેશની રક્ષા નિકાસ ૨૧ હજાર કરોડ રૂપિયાના આંકડાને પાર કરી ગઈ છે અને આગામી પાંચ વર્ષોમાં તેને વધારીને ૫૦,૦૦૦ કરોડ રૂપિયા કરવાનું લ-ય મૂકવામાં આવ્યું છે. આજે ભારત કેટલાય દેશોને રક્ષા સામગ્રીની નિકાસ કરી રહ્યું છે. એમ કહી શકાય કે મેક ઈન ઈન્ડિયા અભિયાને રક્ષા ક્ષેત્રની તસવીર બદલવાનું કામ કર્યું છે. એવી જ તસવીર અન્ય ક્ષેત્રોમાં પણ બદલવી જોઈતી હતી, પરંતુ એવું ન થઈ શક્યું. એ એક તથ્ય છે કે કેટલાય પ્રયાસો બાદ પણ ચીનથી થનારી આયાત ઓછી નથી થઈ રહી. કેટલીય એવી વસ્તુઓ ચીનથી મંગાવાઈ રહી છે કે જેનું નિર્માણ ભારતમાં કરી શકાય છે. એક સમસ્યા એ પણ છે કે ચીનથી કેટલાય સ્પેરપાર્ટ મંગાવીને તેમને દેશમાં એસેમ્બલ કરીને કેટલીય પ્રકારના ઉપકરણો બનાવાઈ રહ્યા છે. સમજવું મુશ્કેલ છે કે ભારતીય ઉદ્યોગપતિ આ બધું દેશમાં જ કેમ નથી બનાવી શકતા.

## આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ સનસનાટી મચાવી દીધી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એમ કહીને સનસનાટી મચાવી દીધી કે પૂર્વવર્તી જગનમોહન રેડ્ડીના શાસનમાં તિરુપતિ મંદિરના લાડુના પ્રસાદમાં ચરબીયુક્ત ઘીનો ઉપયોગ થયો હતો. ઉલ્લેખનીય છે કે તિરુપતિ મંદિરનું વ્યવસ્થાપન તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ એટલે કે ટીટીડી નામનું સરકારી ટ્રસ્ટ કરે છે. ટીટીડીના કાર્યકારી અધિકારી જે.શ્યામલા રાવે જણાવ્યું કે નવી સરકાર બન્યા બાદ ટીટીડીના નવા કાર્યકારી અધ્યક્ષ રૂપે તેમણે પ્રસાદમાં વપરાતા ઘીની ગુણવત્તા તપાસવાના આદેશ આપ્યા હતા. ઘી પૂરું પાડતી પાંચ કંપનીઓમાંથી એક એઆર ડેરીના નમૂનાઓમાં ભારે ગરબડ જોવા મળી. ઘીની શુદ્ધતા એસ વેલ્યૂમાં માપવામાં આવે છે અને તેનો નિર્ધારિત માપ દંડ ૯૫.૬૮ થી લઈને ૧૦૪.૩૨ની વચ્ચે રહેવો જોઈએ, પરંતુ એઆર ડેરીના સેમ્પલની એસ વેલ્યૂ માત્ર ૧૯.૭૨ જોવા મળી. સેમ્પલના આટલા નિમ્ન સ્તરને જોતાં તેના ઘીમાં ચરબી એટલે કે બીફ ટેલો, સૂવરની ચરબી અને માછલીના તેલના મિશ્રણની આશંકા વ્યક્ત કરવામાં આવી. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે એઆર ડેરીને જ દ્રમુક શાસનકાળમાં તમિલનાડુના પલની મંદિરમાં પણ ઘી પૂરું પાડવાનો કોન્ટ્રાક્ટ મળેલો છે. જોકે જગન રેડ્ડી અને એઆર ડેરીએ આરોપોને નિરાધાર ગણાવ્યા છે, પરંતુ કેટલાક નમૂનાના લેબ રિપોર્ટ કંઈક બીજી જ કહાની કહે છે. એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે તિરુપતિ જેવા સંપન્ન મંદિરમાં જે પ્રસાદને શ્રદ્ધાળુ પૈસા આપીને ખરીદે છે, ત્યાં સરકારી કંપની કેએમએફના ભરોસેમંદ ઉત્પાદન નંદિનીને છોડીને અજાણી કંપનીઓ પાસેથી ઘી કેમ લેવામાં આવે છે? હિંદુ વિરોધી છબિથી ગ્રસ્ત જગન રેડ્ડી અને દ્રમુક સરકારો દ્વારા એક જ ડેરીને કોન્ટ્રાક્ટ આપવો પણ અસામાન્ય લાગે છે. ઘીમાં પશુ ચરબી હોવાનો આરોપ અત્યધિક ગંભીર છે. ધ્યાન રહે કે ભૂતકાળમાં છેતરપિંડીથી ગૌમાંસ ખવડાવીને હિંદુઓ સામે ધર્માંતરણ માફિયાએ ધર્મ ભ્રષ્ટ થવાનો ડર અને એવી સ્થિતિમાં ધર્માંતરણને જ એકમાત્ર સમાધાન ગણાવીને ધર્માંતરણ કરાવ્યાં છે. જગન રેડ્ડી દ્વારા આરોપોના ખંડન પર એટલા માટે પણ ભરોસો કરવો મુશ્કેલ છે, કારણ કે ટીટીડી પર કબ્જા અને તેની ગતિવિધિઓમાં તેમના પિતા વાય.સેમ્યુઅલ રાજશેખર રેડ્ડીનો રેકોર્ડ પણ વિવાદાસ્પદ રહ્યો છે. ઈસાઈ મૂળના પિતા-પુત્રએ એવા બે લોકોને ટીટીડીના મુખ્ય કાર્યકારી અધિકારી બનાવ્યા, જેમના પર ઈસાઈ હોવાના આરોપ લાગ્યા. જોકે આ બંને અધિકારીઓ કરુણાકર રેડ્ડી ભૂમના અને વાયવી સુબ્બા રેડ્ડીએ આ આરોપોનું ખંડન કર્યું, પરંતુ ભૂમનાની પુત્રીના ઈસાઈ પદ્ઘતિથી વિવાહના વીડિયો વાયરલ થઈ ગયા. નક્સલી પૃષ્ઠભૂમિથી આવેલા કરુણાકર રેડ્ડીનું એવું નિવેદન પણ જાહેર છે, જેમાં તેણે ભગવાન વેંકટેશ્વરની મૂર્તિને કાળો પથ્થર ગણાવીને તેને ચપ્પલથી પીટવાની વાત કહી છે. પેરિયાર જેવાં ઘૃણિત નિવેદનો આપનારા વ્યક્તિને રેડ્ડી પિતા અને પુત્રએ બે વખત ટીટીડીનો અધ્યક્ષ બનાવ્યો! રેડ્ડી પિતા-પુત્રની દાનત પર એટલા માટે પણ સવાલ ઊઠે છે, કારણ કે તેઓ પોતાના ખાસ સંબંધીઓને ટીટીડી અધ્યક્ષ પદ ચાલુ રાખવા માગે છે. ભૂમના અને વાયવી રેડ્ડી બંને જગનના નજીકના સંબંધી છે. તિરુપતિ સ્થિત તિરુમલાની સાત પહાડીઓને ભગવાન વેંકટેશ્વરનો પૃથ્વી પરનો નિવાસ માનવામાં આવે છે અને અહીં કોઈ બીજા મજહબનાં ઉપાસના સ્થળ બનાવવાની મનાઈ છે, પરંતુ રાજશેખર રેડ્ડીના મુખ્યમંત્રી કાળ અને કરુણાકર રેડ્ડીના ટીટીડી કાર્યકારી અધિકારી રહેતાં બંનેએ પવિત્ર ક્ષેત્રને માત્ર બે પહાડીઓ સુધી જ સીમિત કરવાનો પ્રયાસ કર્યો. એ દરમ્યાન જ તિરુપતિમાં કેટલાંય ચર્ચ અને એક મોટી મસ્જિદ અસ્તિત્વમાં આવી અને ટીટીડીમાં ઘણા બિન-હિંદુઓને પણ નોકરી મળી ગઈ. તેની સાથે જ તિરુપતિમાં અમ્યૂઝમેન્ટ પાર્ક જેવાં મનોરંજન સ્થળોને ઉત્તેજન આપીને હિંદુ આસ્થાના એક મોટા તીર્થની પવિત્રતાને ખરડવાના પ્રયાસ પણ થયા. તિરુપતિ પ્રસાદ પર પેદા થયેલ હાલનો વિવાદ હિંદુ આસ્થા પર ભીષણ આઘાત છે. શ્રીશ્રી રવિશંકર સહિત કેટલાય આધ્યાત્મિક ગુરુઓએ આ પ્રકરણની તુલના ૧૮૫૭ની ક્રાંતિમાં ગૌમાંસથી ભરેલી કારતૂસોના ઉપયોગતી પેદા થયેલ ઉત્તેજનાત્મક કૃત્ય સાથે કરી છે.

**એક તો કોઈ સંત, ફકીર, બુદ્ધ પુરુષ, બીજા શિવ મહેશ, ત્રીજા શ્રીપતિ ભગવાન નારાયણ એટલે કે હરિ અને હર બંને એક જ છે**

# પરમ પ્રતિભા મા પાર્વતી કહે છે, મહેશ જગત આત્મા છે! પુરારી છે! અને સૌનાં હિતકારી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પાર્વતીના વચનોથી મહેશનું દર્શન કરીએ, પહેલાના જન્મમાં સતી શિવની વાત ન માનીને દક્ષ યજ્ઞમાં જાય, ત્યાં યજ્ઞ મંડપમાં શિવનું અપમાન જુએ, સતીને રોષ આવે, ભગવતી મુખર થાય, હજારો ઋષિમુનિઓ અને અન્ય સભાસદોને સંબોધન કરતી જગદંબા બોલે છે, કે આ સભાખંડમાં મોજુદ, જેમણે ભગવાન શંકરની નિંદા કરી, અને જેમણે સાંભળી, એ બધા દંડના ભાગીદાર છે.**

માનસ મહેશના છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુ કહે છે સંત પરંપરાનો નિયમ છે કે, પહેલા ખૂબ દર્શન કરો, પછી ખૂબ અનુભવ કરો, અને ત્યારબાદ ગાયન કરો. જ્યાં સુધી અનુભવમાં પ્રવેશ ન થાય, ત્યાં સુધી આપણે દર્શન કરતા રહેવું જોઈએ, આ સંત પરંપરાની આધ્યાત્મની ત્રણ અવસ્થા છે. વ્યાસપીઠ મહેશ વિશે મુખર થઈ રહી છે, ત્યારે મહેશ વિશે કોણે દર્શન કર્યું! અનુભવ કર્યો! અને પછી ગાયન કર્યું! એવી પરમ પ્રતિભા છે મા પાર્વતી જેમણે નિરંતર મહેશનું દર્શન કર્યું છે, મનમાં ક્યારેક આશંકા થઈ, શિવ સાથે મતભેદ પણ થયો, શિવની વાતો માની નહીં આકરો દંડ પણ ભોગવ્યો, છતાં શિવ દર્શન નથી છૂટ્યું! સત્યાશી હજાર વર્ષ સુધી દર્શન કરતાં કરતાં સંગ તો છૂટ્યો, પણ અંદરથી સંનિકટ થઈને મહેસુસ કરી રહી છે. ન ખાધું, ન પીધું, ન સૂતી માત્ર જોતી રહી, પછી એમણે માનસ મહિમાની ચોપાઈ ગાઈ છે. પાર્વતીના વચનોથી મહેશનું દર્શન કરીએ, પહેલાના જન્મમાં સતી શિવની વાત ન માનીને દક્ષ યજ્ઞમાં જાય, ત્યાં યજ્ઞ મંડપમાં શિવનું અપમાન જુએ, સતીને રોષ આવે, ભગવતી મુખર થાય, હજારો ઋષિમુનિઓ અને અન્ય સભાસદોને સંબોધન કરતી જગદંબા બોલે છે, કે આ સભાખંડમાં મોજુદ, જેમણે ભગવાન શંકરની નિંદા કરી, અને જેમણે સાંભળી, એ બધા દંડના ભાગીદાર છે. સતી કહે છે જ્યાં ત્રણ લોકોની નિંદા થતી હોય ત્યાં એક મર્યાદા રાખવી જોઈએ. એ ત્રણ શું છે? એક તો કોઈ સંત, ફકીર, બુદ્ધ પુરુષ, બીજા શિવ મહેશ, અને ત્રીજા શ્રીપતિ ભગવાન નારાયણ. એટલે કે હરિ અને હર બંને એક જ છે, એવું સમન્વયનું સૂત્ર આપનારા બુદ્ધપુરુષની જ્યાં નિંદા થતી હોય ત્યાં, નિંદા કરનાર અને નિંદા સાંભળનાર બંને દંડના ભાગીદાર છે. ભગવાન શંકર મહેશનું મહિમા ગાન કરતા પાર્વતી કહે છે.

**જગદાતમા મહેસુ પુરારી,**
**જગત જનક સબકે હિતકારી.**


તો જનમ જન્મનું જેનું દર્શન હતું, એવા મા પાર્વતી મહાદેવને મહેસુસ કરી, અને કહ્યું કે મહેશ જગત આત્મા છે, મહેશ તત્વ જગતનો આત્મા છે. શંકરાચાર્ય ભગવાન જગતનો આત્મા નથી કહેતાં, પરંતુ આત્મા તો જરૂર કહે છે. આત્મા ત્વં ગીરજા, ગિરિજા, મતિ એ અનુભવ કરીને નિર્ણય કરી લીધો કે શિવ જગત આત્મા છે.

**આત્મા ત્વં ગિરિજા મતિઃ સહચરાઃ પ્રાણા શરીરં ગૃહં,**
**પૂજા તે વિષયોપભોગરચના નિંદ્રા સમાધિ સ્થિતિ.**

આવું વક્તવ્ય આપવાની જગતગુરુ સિવાય બીજા કોઈની ઓકાત નથી, જે અદ્વૈતના બાદશાહ છે. મા પાર્વતી કહે છે કે મહેશ જગતનો આત્મા છે. તો જગત ત્રણ છે, સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ આ વેદાંત છે, તુલસીએ કોઈ વિદ્યા છોડી નથી. જે રીતે સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એમ શરીર ત્રણ છે, એ જ રીતે જગત પણ ત્રણ છે, અને એટલે જ પીંડે ચ બ્રહ્માંડે, જે પિંડ ને લાગુ પડે, એ બ્રહ્માંડને પણ લાગુ પડેજ, બ્રહ્માંડને લાગુ પડે એ પિંડને પણ લાગુ પડે! પંચમહાભૂતના સંયોગને કારણે આ સ્થળ શરીર બન્યું છે, એ નષ્ટ થઈ જાય, અને પંચભૂત પંચભૂતમાં વિલીન થઈ જાય. પિંડનો અને બ્રહ્માંડનો જે સૂક્ષ્મ દેવ છે, એમાં હરિ અવ્યક્ત છે, અદ્રશ્ય છે, પરંતુ એને મથીએ તો જ્ઞાન રૂપી નવનીત નીકળે, જ્ઞાનદીપનું દર્શન ઉત્તર કાંડમાં આપ્યું છે. ઉપાદાનનું કારણ એક હોય પરંતુ નિમિત્ત કારણ અનેક હોય છે. જેવી રીતે ઘડો બનાવવા માટે ઉપાદાનનું કારણ માટી એક છે, પરંતુ ઘડો બનાવવા માટે ચાક, કુંભાર, લાકડીનો દંડો, પાણી, આપણી આંગળીઓ, એ બધું નિમિત કારણ છે, અને એ જ રીતે ત્રણેય જગતનો આત્મા મારો મહેશ છે! સ્થૂળ સૂક્ષ્મ અને કારણ જગત, જો મહેશ નથી તો એ નથી, એવું સ્પષ્ટ વક્તવ્ય મા પાર્વતી આપે છે. આગળ પાર્વતી કહે છે મહેશ પુરારી!ઃ પુરારીનાં બે અર્થ, એક તો અહીં કવિતાનું બંધારણ જાળવા જાળવવા માટે ત્રિપુરારીની બદલે પુરારી લખી દીધું. ત્રિપુરા રી નામનો રાક્ષસ સ્વર્ગ મૃત્યુલોક અને પાતાળ લોક ત્રણેયમાં ઘૂમતો હતો અને જ્યાં એની પર આક્રમણ કરવામાં આવતું તો ત્યાંથી એ છટકી જતો એની પર જો એકસાથે ત્રણેય લોકમાં આક્રમણ કરવામાં આવે તો જ તેનો વધ થાય એમ હતું માટે ભગવાન શંકરે ત્રણેય લોકમાં તેની પર આક્રમણ કરી અને તેનો વધ કર્યો ત્યારથી એ ત્રિપુરારી કહેવાયા. પૂર નો અર્થ નગર થાય છે શંકરપુર ના અરી છે, એટલે કે નગરના દુશ્મન નથી પરંતુ જેને નગરમાં રહેવાનું માફક નથી આવતું એ નગરના વાસી નથી એ ફકીરોના ફકીર છે ક્યારેક કૈલાશમાં રહે તો ક્યારેક કાશીમાં. મુક્તિ વહેંચવા માટે કાશીમાં આવે છે બાકી એ પુરારી છે, ભીડના દુશ્મન છે, વનખંડી છે. પાર્વતીનું ત્રીજું વક્તવ્ય જનક રુપે મહેશ સૌનાં હિતકારી છે. જનક એટલે પિતા જગતરૂપી સંતાનના પિતા કોણ છે એમાં જ કહી શકે. સંસારી બાપ હોય તો પણ એ બાળકના પિતા કોણ છે એ માતા જ કહી શકે! અને બે પાંચ જેટલા સંતાન હોય એના માટે એ હિતકારી છે. તો આ તો જગતના બાપ છે એટલે એ સૌના હિતકારી છે. તો મહેશ વિશેનું મા પાર્વતી નું આ દર્શન, કે જે એમણે બહુ નિકટથી કર્યું અનુભવ કર્યો અને પછી જ ગાયન કર્યું. આવા જગત આત્મા મહેશને લગ્ન પછી પ્રસન્ન ચિત્તે જોઈ અને કૈલાશના વેદ વિદિત વટ વૃક્ષની છાયામાં! એટલે કે વિશ્વાસની છાયામાં બેઠા છે. વિશ્વાસ એટલે કે ભરોસો એ જ કલ્પ તરુ છે, એ શું ન કરી શકે! ત્યાં પાર્વતી અવસર જોઈને આવે છે અને ભગવાનને પોતાના ગત જન્મની કથા યાદ કરાવી રામ ભ્રમ છે કે મનુષ્ય એ વિશે જિજ્ઞાસા કરી અને રામકથા સંભળાવી મારી ભ્રાંતિ નો નાશ કરો એમ કહ્યું. ભગવાન શંકર કહે છે દેવી નિરાકાર બ્રહ્મ સાકાર શા માટે થાય છે નિરાકાર બ્રહ્મા નળાકાર શા માટે થાય છે નિર્ગુણ સગુણ શા માટે થાય છે દુનિયાના બાપ કોઈના બેટા શા માટે થાય છે સ્વયંજનમાં છે એ કોઈની કુખે જન્મ શા માટે લે છે એના અનેક કારણ છે, અને આમ જુઓ તો કોઈ કારણ પણ નથી એ રીતે રામ જન્મના પણ પાંચ કારણ છે. એક કારણ જય વિજયને વૈકુંઠના દ્વાર પર સનત કુમારોએ સાપ આપ્યો બીજું કારણ સતી વૃંદા ત્રીજું કારણ નારદે પ્રભુને શ્રાપ આપ્યો કે આપને મનુષ્ય બનવું પડશે અને પત્ની વિયોગ સહન કરવો પડશે ચોથું કારણ મનુ શત્રુપાએ નૈમીશાર્યમાં તપ કરીને પરમાત્મા પાસે માગ્યું કે હવે પછીના જન્મમાં અમારી ઘરે આપ જેવો પુત્ર થાય હરિ એ કહ્યું મારા સમાન જગતમાં કોઈ નથી, હું અદ્વિતીય છું પરંતુ હા કહી દીધી છે તો હું જ આપને ઘેર પુત્ર બનીને આવીશ પાંચમું અને અંતિમ કારણ રાજા પ્રતાપવાનું ને બ્રાહ્મણ દેવતાઓએ શ્રાપ આપ્યો પ્રતાપ ભાનુ રાવણ થયો અરે મર્દન કુંભકરણ થયો અને એક મંત્રી વિભીષણ થયો. આમ રામ જન્મના પાંચ કારણ ની જે કથા આલેખાઈ છે, એમાં પ્રથમ નિશીચર વંશની કથા પછી સૂર્યવંશની કથા આવે છે. રાવણ કુંભકરણ વિભી શાને તપ કર્યું દુર્ગમ વરદાન પ્રાપ્ત કર્યા અને આખી દુનિયા ભ્રષ્ટાચાર થી ભરાઈ ગઈ રાવણના ત્રાસથી ધરતી અકળાઈ ગાયનું રૂપ લઈ અને ઋષિમુનિઓ પાસે ગઈ મને બચાવો!; દેવતાઓ સહિત બધા પિતામાં બ્રહ્માને પ્રાર્થના કરી, બ્રહ્માએ કહ્યું કે પરમાત્મા જ આપણી સમસ્યાનું સમાધાન આપી શકે, સમગ્ર અસ્તિત્વ એ પોકાર કર્યો અને આકાશવાણી થઈ, દેવગણ ઋષિ ગણ મુનિગણ ધરિત્રી ડરો નહીં હું અયોધ્યામાં રઘુકુલમાં પ્રગટ થઈશ ધૈર્યધારણ કરો. તુલસીદાસજી આપણને શ્રી ધામ અયોધ્યા લઈ જાય છે અને ત્યાં પ્રભુનું પ્રાગટ્ય થવાનું છે ત્રેતા યુગમાં મહારાજ દશરથજીનું એટલે કે રઘુવંશનું શાસન બતાવે છે. ગુણ નિધિ રાજા અને કૌશલ્યા આદિપ્રિય રાણી છે જેનું આચરણ પતિને અનુકૂળ અને પુનિત છે. પ્રભુને પ્રગટ કરવાનાં ત્રણ સૂત્ર છે પતિ પોતાની પત્નીને પ્રેમ કરે પત્ની પ્યાર કરનાર પતિને અનુકૂળ થઈને જીવન જીવે અને ત્રીજું બંને મળીને પરમાત્માની ભક્તિ કરે. રાજા દશરથ પોતાને પુત્ર નથી એ પીળા લઈને ગુરુદ્વારે જાય છે અને ગુરુ એમની આ પીડા નિવારણ માટે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે છે અને અયોધ્યામાં ચૈત્ર સુદ નોમના દિવસે રઘુકુલમની પ્રભુ શ્રીરામનો જન્મ થાય છે. આમ રામ જન્મ ની વધાઈ ગાય ને છઠ્ઠા દિવસની કથા ને વિરામ આપ્યો.

**સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ, સુદામાની સ્થિતિ ગરીબ હતી, તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા**

# સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો, જગત અસત્ય છે, જગતના પદાર્થો દુઃખ રૂપ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે, મનુષ્ય સત્કર્મનું ફળ ઇચ્છે તો એ ધર્મમાં કપટ છે, નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે, સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી, નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી, નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું, વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.**

આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું રસ પાન કરી રહયા છીએ. ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથીએ સ્થિત પ્રજ્ઞ શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણબતાવે છે.રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોના ની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે,ઉદ્ધવ, આ બધું ખોટું છે. હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે,સત્યનું અમે ધ્યાન કરીએછીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગતના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે,માત્ર ભાસ છે,તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્રમાંથી જાગ્યા પછી સ્વપ્ર જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી.એ પોતે આનંદ રૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્ય રૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવા થી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્માએ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો? અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું.કારણ?તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ એવા છે, મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેનેભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે. ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે, મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપોને. રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે, આપવાવાળો જશે. ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણ ને આપે છ. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે, મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો. માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી. તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે.સુદામા માગવા આવ્યા નથી. દ્વારરિકાનાથનો તેમણે વૈભવ જોયો, પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે,મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળ છે. મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી. સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી,તે પોતાનું સર્વસ્વ આપવાઆવ્યા છે ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપ નું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાનને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું. પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે. ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસી ઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે, સંસાર ના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજીને કહે છે.

# 'વેટ્ટૈયન'માં પ્રકાશ રાજના અવાજને એઆઈની મદદથી અમિતાભનો અવાજ આપવામાં આવશે

**૧૦ ઓક્ટોબરે રિલીઝ**

**ઘણા લોકોને મજા ન આવી તો કેટલાંક લોકોને આ વાત ખટકી છે**

'વેટ્ટૈયન' ફિલ્મનો પ્રીવ્યુ થોડાં દિવસો પહેલાં લૉંચ કરવામાં આવ્યો છે, જેનાથી અંદાજ આવે છે કે ફિલ્મ કેવી હશે અને તેની પાસે કેટલી અપેક્ષા રાખી શકાય તેમ છે. આ ફિલ્મ ફેક એન્કાઉન્ટરના વિષય પર આધારિત છે, જેમાં એક નિવૃત્ત પોલીસ અધિકારી ભ્રષ્ટ તંત્ર સામે બાથ ભીડતો જોવા મળશે. 'જય ભીમ'ના ડિરેક્ટર ટી જે જ્ઞાનવેલ આ ફિલ્મ પણ ડિરેક્ટર કરી રહ્યા છે. આ ફિલ્મ ૧૦ ઓક્ટોબરે રિલીઝ થઈ રહી છે, જેમાં અમિતાભ બચ્ચન મહત્વના રોલમાં જોવા મળશે.પ્રીવ્યુમાં જોવા મળ્યું કે અમિતાભ બચ્ચનના સીનમાં અવાજ પ્રકાશ રાજનો સાંભળવા મળે છે. જેમાં ઘણા લોકોને મજા ન આવી તો કેટલાંક લોકોને આ વાત ખટકી છે. પ્રકાશ રાજ પણ એક જાણીતા કલાકાર છે અને એમના અવાજથી પણ દર્શકો વાકેફ છે, ત્યારે ચહેરો અમિતાભનો અને અવાજ પ્રકાશનો સાંભળીને દર્શકોને વિચિત્ર લાગતું હતું. કેટલાંક લોકોને એવું પણ લાગ્યું કે જો ફિલ્મ આ રીતે રિલીઝ થશે તો અમિતાભનું પાત્ર અપેક્ષિત અસર ઉપજાવવામાં નિષ્ફળ જશે. આ બધાં જ પ્રતિભાવો ફિલ્મની ટીમ દ્વારા હકારાત્મક રીતે લેવામાં આવ્યા અને તેઓએ એક સ્માર્ટ સોલ્યુશન લાવવાની વાત કરી છે. હવે આપણને અમિતાભના દૃશ્યોમાં અમિતાભનો જ અવાજ



સાંભળવા મળશે. હવે ફિલ્મના બધી જ ભાષાના વર્ઝનમાં પ્રકાશ રાજના અવાજને એઆઈ(આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની મદદથી અમિતાભનો અવાજ આપવામાં આવશે, તેથી બની શકે કે ફિલ્મનો ફાઈનલ કટ આવે ત્યારે ફિલ્મ સાથે દર્શકોને કોઈ ફરિયાદ રહે નહીં. એક વર્ખત ફિલ્મનું ટ્રેઈલર લૉંચ થાય પછી આ ચિત્ર વધુ સ્પષ્ટ થશે. આધુનિક ટેક્નોલોજીના સારા પરિણામો 'ઈન્ડિયન ૨' અને 'ધ ગોટ' જેવી ફિલ્મોમાં પણ જોવા મળ્યાં છે, જેમાં એઆઈની મદદથી કેટલાંક લિજેન્ડ્ઝને સ્ક્રીન પર રજૂ કરવામાં આવ્યાં છે.

# એરપોર્ટ પર દિવ્યા દત્તા સાથે ખરાબ વર્તન!

**અભિનેત્રી દિવ્યા દત્તાએ વીડિયો શેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો**

દિવ્યા દત્તાએ ગઈ કાલે પોતાનો જન્મદિવસ ઉજવ્યો. દિવ્યા તેના જન્મદિવસના બીજા દિવસે વહેલી સવારે ગુસ્સે થઈ ગઈ. દિવ્યા દત્તાએ ગુરુવારે એરપોર્ટનો એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયો સાથે દિવ્યાએ એરલાઈન કંપનીની ગેરરીતિઓને સખત ઠપકો આપ્યો છે. લગભગ ૧૩૮ બોલિવૂડ ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી દિવ્યા દત્તા ગુરુવારે વહેલી સવારે એક એરલાઈન કંપની પર ગુસ્સે થઈ ગઈ હતી. એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને પોતાનું દુખ વ્યક્ત કર્યુ છે. જ્યારે દિવ્યા દત્તા ફ્લાઈટ લેવા પહોંચી તો ત્યાં કોઈ મળ્યું ન હતું. તેને ખબર પડી કે ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે, જેના વિશે તેને જાણ કરવામાં આવી ન હતી. આટલું જ નહીં, તેને એરપોર્ટ પર એવો કોઈ સ્ટાફ નહોતો મળ્યો કે જેની પાસેથી તે મદદ લઈ શકે. ઉલટાનું દિવ્યા દત્તાએ કહ્યું કે તેની સાથે પણ ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. દિવ્યાએ એક વીડિયો શેર કરતા કેપ્શનમાં આ બધું જણાવ્યું છે દિવ્યા દત્તાએ ઈન્સ્ટાગ્રામ પર તે ગેટનો વીડિયો શેર કર્યો છે જ્યાંથી ફ્લાઈટ ટેકઓફ થાય છે. તે ગેટ પર ફ્લાઈટનો એક પણ કર્મચારી હાજર નથી કે જેની પાસેથી માહિતી મેળવી શકાય. કેપ્શનમાં ઈન્ડિગો ફ્લાઈટને ટેગ કરતાં તેણે લખ્યું, 'સવારના ખૂબ જ ભયંકર અનુભવ માટે આભાર. રદ થયેલી ફ્લાઈટ વિશે કોઈ માહિતી નથીપ હું રદ થયેલી ફ્લાઈટમાં ચેક ઈન કરી રહ્યો છું. ગેટ પર ફ્લાઈટની જાહેરાત સંભળાતી નથી. અભિનેત્રીએ આગળ લખ્યું, 'મદદ કરવા માટે કોઈ કર્મચારી નથી! એક્ઝિટ ગેટ પર ઘણી હેરાનગતિ થઈ હતી અને ઈન્ડિગો, ઈન્ડિગો એરવેઝનો કોઈ સ્ટાફ



**જ્યારે દિવ્યા દત્તા ફ્લાઈટ લેવા પહોંચી તો ત્યાં કોઈ મળ્યું ન હતું, તેને ખબર પડી કે ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે**

હાજર નહોતોપ અને મુસાફરો સાથે ખૂબ જ ખરાબ વર્તન! મારા શૂટિંગ પર અસર પડી હતી. અને હું ખૂબ જ પરેશાન છું. એકે લખ્યું, 'ઈન્ડિગો બહુ નકામી ફ્લાઈટ છે.' બીજાએ ટિપ્પણી કરી, 'આ શું છે!' તે તેના ગ્રાહકો સાથે આ રીતે વર્તે છે. અન્ય યુઝરે કોમેન્ટ કરી, 'આ ભયંકર છે.' વર્ક ફ્રન્ટની વાત કરીએ તો દિવ્યા વિકી કૌશલની ફિલ્મ 'છાવા'માં જોવા મળશે. આ ફિલ્મ ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ માટે તૈયાર છે.

**ફિટનેસની વાત હોય કે ફેશન કે પછી સ્કીન કેર દરેકમાં બેસ્ટ**

# કેટરિના લિપસ્ટિકને હોઠ પર ડાયરેક્ટ એપ્લાય નથી કરતી



કેટરિના કૈફ ફિટનેસની વાત હોય કે ફેશન કે પછી સ્કીન કેર દરેકમાં પોકાનું બેસ્ટ આપવા માટે જાણીતી છે. હવે તેણે એવો પણ ખુલાસો કર્યો છે કે તે મેકઅપ માટે પણ એટલી જ પેશનેટ છે. કેટરિના મેકઅપમાં ખૂબજ કાળજી રાખે છે. તે લિપસ્ટિકને સીધી હોઠ પર એપ્લાય કરવાના બદલે લિપબામમાં મિક્સ કરે છે. તાજેતરમાં એક વીડિયોમાં અમેરિકાની મેકઅપ આર્ટિસ્ટ હુડા કટાનને તેણે કહ્યું હતું,"હું ટીનએજમાં હતી ત્યારથી જ મને મેક અપ લગાવવો અતિશય ગમતો હતો. હું તેના માટે પેશનેટ હતી. તે મારે માટે સેલ્ફ એક્સ્પ્રેશનનો ભાગ હતો, એ સિવાય બીજું કશું નહીં. ટીનેજમાં હું બહુ શરમાળ હતી. આજે લોકો એ વાત માનશે નહીં. હું એટલી શરમાળ હતી, પણ મેકઅપથી હું મારી જાતને એ રીતે રજૂ કરી શકી કે મેં મારી જાતને એક ગ્લેમરસ વ્યક્તિ તરીતે પ્રસ્થાપિત કરી અને આજે હું દેશ કે દુનિયાના કેટલાંક બેસ્ટ મેકઅપ આર્ટિસ્ટ સામે બેસી શકું છું."કેટરિનાએ પોતાની મેકઅપ બ્રાન્ડ કે બ્યુટી પણ શરૂ કરી છે. આ વીડિયોમાં કેટરિનાએ કહ્યું,"હું હંમેશા મેકઅપ આર્ટિસ્ટ પાસે બેસતી અને બધું નિરિક્ષણ કરતી અને પ્રશ્નો પૂછ્યાં કરતી હતી. જેમકે, તમે લાઈનરને સ્મજ કેમ કરો છો, તમે આ જગ્યાએ કન્સીલરનો ઉપયોગ કેમ કર્યો, તમે લિપ લાઈનરનો ઉપયોગ કેમ કરો છો. એ બધી જ ટેક્નિક્સ હું બહુ જલ્દી શીખી ગઈ હતી. મને સમજાયું કે હું મારા ચહેરાને બહુ સારી રીતે જાણું છું. મને ખબર પડે છે કે મારે કેવું દેખાવું છે. બહુ જલ્દી મારો મોટા ભાગનો મેકઅપ હું જાતે જ કરવા માંડી." અંગત જીવનમાં તો કેટરિના જાતે મેકઅપ કરે જ છે, તેના ફિલ્મોના પાત્રોને પણ કેવો મેકઅપ સારો લાગશે એ કેટરિના સરળતાથી સમજી જાય છે.

# 'મહેલ'માં મધુબાલાથી 'સ્ત્રી'ની કોમેડી : હોરરના બદલાતા રંગ

**તાજેતરમાં રિલીઝ થયેલી 'સ્ત્રી ૨'ની સફળતાએ બતાવી દિધું છે કે, હાલ હોરર કોમેડીનો જ સમય છે**

તાજેતરમાં રિલીઝ થયેલી 'સ્ત્રી ૨'ની સફળતાએ બતાવી દિધું છે કે, હાલ હોરર કોમેડીનો જ સમય છે અને આ ટ્રેન્ડ લાંબો ચાલશે. પરંતુ શું તેનાથી એવું માની લેવાય કે બોલિવૂડમાં હવે પ્યોર હોરર ફિલ્મનો દોર ખતમ થઈ ગયો છે? બોલિવૂડની હોરર ફિલ્મોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જોઈએ બોલિવૂડની પહેલી હોરર ફિલ્મ ગણાતી 'મહલ'થી લઈને 'સ્ત્રી ૨' સુધીની બોલિવૂડની સફર. મધુબાલા કદાચ ભારતીય સિનેમાનું સૌથી સુંદર ભૂત હતું. ૧૯૪૯માં આવેલી 'મહલ' ફિલ્મમાં મધુબાલા એક એવી આત્મા હતી, જેણે પોતાની સુંદરતા અને દેખાવથી લોકોને ડરાવ્યા હતા. ત્યાર પછી આવેલી સૌથી સારા હોરર સીનવાળી ફિલ્મ ગણાતી હતી ૧૯૬૪ની'વો કૌન થી'. જેમાં ભૂતનો રોલ કરતી સાધના માત્ર મનોજ કુમારની બારીમાં આવીને સ્થિર ઉભી રહેતી પણ લોકોની ચીસ નીકળી જતી હતી. ત્યાર બાદ ૧૯૬૫માં 'ગુમનામ' મર્ડર મિસ્ટ્રી આવી. જેમાં જંગલમાં દરેક હત્યા પહેલાં આવતો વિચિત્ર ઝાંઝરીનો અવાજ લોકોને ડરાવતો હતો. આ ફિલ્મોમાં ડિરેક્ટર્સ હોલિવૂડની ફિલ્મોથી પ્રેરિત કથાઓ પરથી ફિલ્મો બનાવતા હતા. તેઓ કોઈ પ્રોસ્થેટીક મેકઅપ કે વધુ પડતા ઘોંઘાટનો ઉપયોગ કરતા નહોતા. પડદા પર કોઈ મોટી ઘટના બનતી નહોતી પરંતી અદૃશ્ય આત્માની અને ભૂતની કાલ્પનિક વાતથી ડર પેદા કરવામાં આવતો જે દર્શકના મનમાં ઘુસીને તેમને ડરાવતો હતો. આ ઝાંઝર, પવન, વરસાદ, ધુવડ અને ચામાચીડીયાનો જમાનો હતો. ૮૦થી ૯૦ના દાયકા દરમિયાન બોલિવૂડમાં રામસે બ્રધર્સની એન્ટ્રી થઈ અને સફેદ સાડી વાળા ભૂત અને આત્માઓમાંથી ફિલ્મો સંપૂર્ણપણે બદલાઈ ગઈ. તેમણે આ દુનિયાને થોડી બેહુદી બનાવી દીધી. ત્યાર બાદ હોરરની દુનિયામાં રામગોપાલ વર્મા અને વિક્રમ ભટ્ટની એન્ટ્રી થઈ. રામગોપાલ વર્માની ૧૯૯૨માં 'રાત' અને ૨૦૦૩ની 'ભૂત' આજે પણ સૌથી વધુ ડરામણી ફિલ્મો ગણાય છે. ૨૦૦૨માં આવેલી 'રાઝ' અને ૨૦૦૮માં આવેલી '૧૯૨૦' પણ આ જ કેટેગરીની ફિલ્મો હતી. આ ફિલ્મો હોલિવૂડની ક્લાસિક ફિલ્મો પરથી બની હતી. 'રાઝ' 'વૉટ લાઈઝ બીનીથ' અને '૧૯૨૦' 'ધ એક્ઝોર્સિસ્ટ'ની યાદ અપાવતી હતી. તાજેતરમાં આવેલી 'સ્ત્રી ૨' હોય કે, 'મૂંજ્યા' કે પછી 'ભેડીયા' જેવી ફિલ્મોએ સાબિત કરી દીધું કે, હાલ લોકોને હોરર કોમેડી જોવામાં વધુ મજા આવે છે અને આ ટ્રેન્ડ લાંબો ચાલશે. એક ઈન્ટરવ્યૂમાં આ ફ્રેન્ચાઈઝીના ડિરેક્ટર અમર કૌશિકે જણાવ્યું, "દરેક બાબતમાં હ્યુમર જોવાની આદતે તેમને આ ફિલ્મો બનાવવા પ્રેર્યા છે.



# ભાઈને બચાવવા જમીન-આકાશ એક કરી દેશે

આલિયા ભટ્ટની ફિલ્મ જીગરાનું ટ્રેલર આવી ગયું છે. આ ફિલ્મ ૧૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ૩ મિનિટ ૧ સેકન્ડના ટ્રેલરમાં આલિયા ભટ્ટનું એવું શાનદાર પરફોર્મન્સ જોવા મળ્યું છે કે દરેક લોકો તેની પ્રશંસા કરી રહ્યા છે. આલિયા ભટ્ટ અને વેદાંગ રૈનાની ફિલ્મ 'જીગરા'ની ખૂબ જ ચર્ચા છે. ધર્મા પ્રોડક્શન્સે આગામી ફિલ્મના પ્રમોશનમાં કોઈ કસર છોડી નથી. તેના પોસ્ટર હોય કે ગીત રિલીઝ, નિર્માતાઓએ 'જીગરા' માટે ખૂબ જ મહેનત કરી છે અને લોકોની ઉત્સુકતા વધારવા માટે હવે ધર્માએ આખરે ફિલ્મનું ઓફિશિયલ ટ્રેલર લોન્ચ કર્યુ છે. આલિયા અને વેદાંગ ફિલ્મમાં ભાઈ અને બહેનની ભૂમિકા ભજવતા જોવા મળે છે અને અભિનેત્રી 'જીગરા'ના ટ્રેલરમાં તેના નાના ભાઈની રક્ષા કરતી જોવા મળે છે. 'જીગરા'નું ટ્રેલર આલિયા ભટ્ટના ફોન કોલથી શરૂ થાય છે. તે ફોન કોલ દ્વારા તેના ભાઈને કેટલાક પ્રશ્નો પુછવાનો પ્રયાસ કરે છે. જો કે, જ્યારે તેને જેલની સજા થાય છે ત્યારે તેની સ્થિતિ વધુ ખરાબ થઈ જાય છે. બાદમાં તેને કોરિયન જેલમાં ઘૂસી તેના ભાઈને પરત લાવવા માટે લશ્કરી અને શારીરિક રીતે તાલીમ લેતી જોવા મળે છે. આલિયા ભટ્ટ તાજેતરમાં જ પોતાની ફિલ્મના પ્રમોશન માટે વેદાંગ રૈના અને નિર્માતા કરણ જોહર સાથે ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં જોવા મળી હતી.




# સલમાન ખાનનું એક્શન થ્રિલર 'સિકંદર' માટે સ્પેશિયલ વર્કઆઉટ



**જ્યારે આ ફિલ્મના પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા આ પહેલાં ૨૦૧૪માં આવેલી સલમાનની 'કિક' પ્રોડ્યુસ કરી ચૂક્યા છે**

સલમાન ખાને એક્શન થ્રિલર 'સિકંદર' માટે સ્પેશિયલ વર્કઆઉટ શરૂ કરી દીધું છે. પોતાના સોશિયલ મીડિયા પર તેણે આ વર્કઆઉટની તસવીર શેર કરી હતી. જેમાં તે સીટેડ ટેબલ રો એક્સરસાઈઝ કરતો દેખાયો હતો. આ તસવીરમાં સલમાન ખાનનું કસાયેલું શરીર સ્પષ્ટ જોઈ શકાય છે. સલમાન ખાનની ફિટનેસ અંગે શંકાઓ સેવાઈ રહી છે તેવ સમયે આ ફોટોગ્રાફને ભરપૂર લાઈક્સ મળી રહ્યા છે. લોકોને 'સિકંદર' પાસે ઘણી અપેક્ષાઓ છે, કારણ કે તેમાં ઈન્ટેન્સ પર્ફોર્મન્સ માટે સલમાન ખાસ વર્કઆઉટ કરી રહ્યો છે.સલમાનના ફૅન્સ ઉત્સુક છે કે ઈદ પર આવનારી સલમાનની આ ફિલ્મ પડદા પર કેવી કમાલ કરે છે. સલમાને જે રીતે તેના વર્કઆઉટની ઝલક બતાવી છે, તેમાં તે ફિલ્મમાં કશુંક નવું અને અલગ લાવી રહ્યો હોવાની ચર્ચા પણ સોશિયલ મીડિયા પર શરૂ થઈ ગઈ છે. સલમાનની 'સિકંદર', 'ગજની' ફિલ્મના ડિરેક્ટર એ આર મુર્ગાદોસ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. તેમાં સલમાન સાથે કાજલ અગ્રવાલ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં પહેલી વખત સલમાન ખાન, રશ્મિકા મંદાના અને કાજલ અગ્રવાલ એક સાથે જોવા મળશે. જ્યારે આ ફિલ્મના પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા આ પહેલાં ૨૦૧૪માં આવેલી સલમાનની 'કિક' પ્રોડ્યુસ કરી ચૂક્યા છે. કેટલાંક એવા પણ અહેવાલો છે કે આ ફિલ્મમાં શર્મન જોશી પણ કામ કરી રહ્યો છે, જોકે, તેના નામની ઓફિશિયલ જાહેરાત હજુ થઈ નથી. તેના માટે પણ ફૅન્સ રાહમાં છે. સલમાને છેલ્લે ૨૦૨૩માં એક્શન કોમેડી ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' હતી. જેમાં તેની સાથે રાઘવ જુયાલ, પૂજા હેગડે, વેંકટેશ દગ્ગુબાતી, પલક તિવારી, શહેનાઝ ગિલ, સિદ્ધાર્થ નિગમ, જેસી ગિલ, ભાગ્યશ્રી, જગપથિ બાબુ, આસિફ શેફ અને સતીષ કૌશિક મહત્વના રોલમાં હતાં. આ ઉપરાંત સલમાન ખાન વરુણ ધવનની આવનારી ફિલ્મ 'બૅબી જોહન' અને 'સિંઘમ અગેઈન'માં પણ કેમિયો કરતો જોવા મળશે.

**'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો'માં એક આઈટમ સોંગ**

# તૃપ્તિ ડિમરી 'મેરે મહેબૂબ'ના ડાન્સ માટે ટ્રોલ થઈ

## તૃપ્તિના ડાન્સ અને કોરિયોગ્રાફી જોઈને નેટિઝન્સ નારાજ થયાં

તૃપ્તિ ડિમરીને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે. 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' ફિલ્મમાં એક આઈટમ સોંગ છે, જેમાં તૃપ્તિ સાથે રાજકુમાર રાવ પણ છે. આ સોંગ ગણેશ આચાર્ય દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવ્યું છે. પરંતુ આ ગીતમાં નેટીઝન્સને કોઈ મજા આવી નથી. આ ગીતના એક ભાગમાં તૃપ્તિ જમીન પર સૂતેલી છે અને છાતીના ભાગથી ઊંચાં થતાં પહેલાં તે એક પગને ગોળ ફેરવે છે. આ એક ચોક્કસ એક્શનના કારણે તૃપ્તિ અને ગણેશ આચાર્ય બંનેને ટીકાનો સામનો કરવો પડ્યો છે. સોશિયલ મીડિયા પર લોકોએ આ એક્શનને 'હ્યુમિલિએટિંગ' ગણાવી છે. લોકોએ કહ્યું કે તૃપ્તિ આ એક્શન કરતી વખતે જરા પણ કમ્ફર્ટેબલ લાગતી નહોતી. તેના બદલે તેની પાસે કોઈ બીજી એક્શન પણ કરાવી શકાઈ હોત. જ્યારે કેટલાંકે આને નબળી કોરિયોગ્રાફી ગણાવી હતી. રાજ શાંડિલ્યએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં તૃપ્તિ અને રાજકુમાર પહેલી વખત એકસાથે કામ કરી રહ્યાં છે. ૯૦ના દાયકાની વાર્તા કહેતી આ ફિલ્મનું ટ્રેલર થોડાં વખત પહેલાં જ રિલીઝ થયું છે. જેમાં આ ફિલ્મને '૯૭ ટકા પારિવારીક અને ૩ ટકા મહાપારિવારિક ફિલ્મ' ગણાવાઈ છે. જેમાં કપલની ઈન્ટિમેટ વીડિયોની સીડી સાથે તેમનું વીડિયો પ્લેયર ચોરાઈ જાય છે, પાછળથી આ વીડિયો પ્લેયર તો મળે છે પરંતુ તેમની સીડી ગાયબ થઈ ગઈ હોય છે. આ સ્થિતિ અનેક કોમેડી સ્થિતિ અને કેઓસ સર્જે છે. તૃપ્તિએ છેલ્લે વિકી કૌશલ અને એમિ વિર્ક સાથે 'બૅડ ન્યૂઝ' કરી હતી, જ્યારે રાજકુમારે છેલ્લે 'સ્ત્રી ૨' જેવી હિટ ફિલ્મ આપી છે. હવે તેમની આ ફિલ્મ ૧૧ ઓક્ટોબરે રિલીઝ થઈ રહી છે.



**આમિરનો દિકરો ન હોત તો કદાચ 'મહારાજ' ન મળતઃ જુનૈદ**

# જુનૈદની કબૂલાતથી ઘણાને આશ્ચર્ય થયું

**જુનૈદે 'લાલસિંઘ ચઢ્ઢા' માટે પણ ઓડિશન આપ્યું હતું, આમિરે વખાણ પણ કર્યા હતા**

એક તરફ સ્ટાર કિડ્ઝ, નેપોટીઝમ અને તેમને ફિલ્મની તકો સરળતાથી મળી જતી હોવાની ચર્ચા ચાલે છે. તો તેના જવાબમાં કેટલાંક સ્ટાર કિડ્ઝ એવા પણ હોય છે, જેઓ પોતાની અલગ સ્ટ્રગલના દાવા પણ કરતા હોય છે. ત્યારે આમિરના દિકરા જુનૈદની કબૂલાતથી ઘણાને આશ્ચર્ય થયું છે. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન જુનૈદ ખાને પોતાની ઓડિશનની સફર વિશે વાત કરી અને એમ પણ કહ્યું હતું કે જો તે આમિર ખાનનો દિકરો ન હોત તો કદાચ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેનો પ્રવેશ કરાવનારો ઓટીટી પ્રોજેક્ટ પણ તેના હાથમાંથી ગયો હોત. જુનૈદે કહ્યું,"હું એ પણ સ્વીકારું છું કે જો હું આમિર ખાનનો દિકરો ન હોત તો મને મહારાજ ન મળી હોત." જુનૈદે 'લાલસિંઘ ચઢ્ઢા' માટે પણ ઓડિશન આપ્યું હતું, જેના તેના પિતા આમિરે વખાણ પણ કર્યા હતા. પરંતુ આમિર આટલા મોટા બજેટવાળી ફિલ્મ માટે કોઈ નવા ચહરાનું જોખમ લેવા માગતો નહોતો, તેથી તેણે જુનૈદને પસંદ કર્યો નહીં.



# ધારાસભ્ય કિરીટસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ધોળકા ખાતે યોજાયો સેવાસેતુ કાર્યક્રમ

## ૧૩૫૮ લાભાર્થીઓએ મેળવ્યા વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓના લાભો




| (માહિતી) અમદાવાદ, તા.૨૭ |

પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ સહિત વિવિધ સેવાઓ અને સહાયોના લાભો પૂરા પાડવાના ઉદ્દેશ સાથે રાજ્યભરમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૩૫૮ લાભાર્થીઓને સરકારના વિવિધ વિભાગોને લાગતી સેવાઓ અને તેના લાભો એનાયત કરવામાં આવ્યા હતા.

ધોળકાના સરદાર પટેલ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં રાશનકાર્ડ ધારકોના ઈ-કેવાયસી, રાશનકાર્ડમાં નામ દાખલ કરવું કે સુધારો કરવો, હેલ્થ વેલનેસ કાર્ડ, આવકનો દાખલો, આધાર કાર્ડમાં સુધારા અથવા બેંક એકાઉન્ટ લિંક કરવા, ૭/૧૨ અને ૮-અ પ્રમાણ પત્રો, જાતિ પ્રમાણપત્ર, જન્મ મરણના પ્રમાણપત્ર, નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણ પત્ર જેવી સેવાઓ સહિત પીએમ સ્વનિધી, નમો શ્રી, PMJY યોજના સહિતની વિવિધ યોજનાઓ અને સેવાઓના લાભો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, નગર પાલિકાના ચીફ ઓફિસર સહિત અન્ય વહીવટી અધિકારીઓ/કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઈનરેકા સંસ્થાન ટીંબાપાડા ખાતે કાર્યક્રમ યોજાયો



| (માહિતી) ગાંધીનગર, તા.૨૭ |

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લામાં ઈનરેકા સંસ્થાન ટીંબાપાડાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં યોગ બોર્ડના દક્ષિણ ગુજરાત ઝોન કો-ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિબેન પાંડે તેમજ શાળાના આચાર્યશ્રીની અધ્યક્ષામાં વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. માનવીની આજકાલની ભાગદોડ વાળી જીવન શૈલીમાં સામે આવી રહેલી સમસ્યાઓ વચ્ચે યુવાનોમાં સંસ્કાર સિંચન, વ્યસનથી મુક્તિ માટેના વિવિધ મહત્વના મુદ્દાઓ વિશેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને યોગ સાધકો દ્વારા આપવામાં આવી હતું. ગુજરાતના યુવા ધનને પાન, મસાલા, ગુટકા, દારૂ, સિગારેટ, ડ્રગ્સ જેવા વ્યસનથી થતી શારીરિક માનસિક, આર્થિક અને કૌટુંબિક તથા સામાજિક મુશ્કેલીઓથી દૂર કરવાના શુભ આશય સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાનશ્રી. નરેન્દ્ર ભાઈ મોદીના ભારતને વિશ્વ ગુરૂ બનાવવાના સ્વપ્નને સાકાર કરવા માટે યુવાઓની શુદ્ધતા સાથે યુવાઓનું ભવિષ્ય સલામત રાખવું જરૂરી છે. કેટલાક નશાથી આત્મહત્યા, હતાશા અને જીવનનો અંત લાવવાની ઈચ્છાઓ યુવાનોમાં જન્મે છે. નશાના કારણે પરિવારનો સંતોષ અને આનંદ છીનવાઈ જાય છે. તેથી વ્યસન મુક્તિનો આ એક સરાહનીય પ્રયાસ છે. વ્યસનમુક્તિમાં યોગ પ્રાણાયામ, આસન સૂર્ય નમસ્કાર ધ્યાન જેવી યૌગિક ક્રિયાઓ કરવાથી શારીરિક માનસિક






આધ્યાત્મિક અને આર્થિક પ્રગતિ થાય છે. તેથી યુવાનો યોગને પોતાના જીવનમાં ઉતારે અને પોતાના રોજિંદા જીવનમાં નિયમિત રીતે યોગ કરતા થાય તેવો પણ આશય રહેલો છે. જેનું પણ યોગ ટ્રેનરો દ્વારા વિદ્યાર્થીઓને મહત્વ સમજાવાયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નર્મદા જિલ્લા યોગ કો-ઓર્ડીનેટરશ્રી, ડેડીયાપાડા તાલુકાના યોગ કોચ, યોગ ટ્રેનરશ્રીઓ તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# દેવગઢ બારીયા નગરપાલિકા તંત્ર દ્વારા સમડી સર્કલથી ભે દરવાજા સુધી રોડ પરના દબાણો હટાવાયા

| (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૭ |

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગરના સમડી સર્કલથી ભે-દરવાજા સુધી રોડ ઉપર ના લારી ગલ્લા દબાણો દુર કરાયા જેમાં રોજિંદા કમાઈ પેટીયૂ રડતા ગરીબ પરીવારનો કોળીયો છીનાતા ગરીબો લાચાર બન્યા નગરના અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર પાકા દબાણો યથાવત છે એ ક્યારે દુર કરશે ?... તે સવાલ લોકોમા છુપો ગણ ગણાટ કરી રહ્યો છે નગરના મોટા વેપારીઓ તેમજ રાજકીય પાર્ટીઓ સાથે સંકળાયેલા વેપારીઓના દબાણો ક્યારે દૂર કરશે તેવી ચર્ચાઓ એ નગર માં લોક મુખે જોર પકડ્યું છે નાના વેપારીઓનું દબાણ દુર કરી નગર પાલિકા દ્વારા કામગીરી બતાવી દેવાતી હોય ત્યારે મોટા બાંધકામો કરી દબાણ કરતાં લોકોની સામે કેમ નગર પાલિકા તંત્ર કોઈ પણ પ્રકાર ની તેમની સામે કાયદાકીય કાર્યવાહી નથી કરતી અને તેમનું દબાણ દૂર કરતી નથી એવા લોકો સામે લાલ આંખ કેમ નહિ ?.. એમની સામે કેમ રહેમ નજર રાખવા માં આવે છે જેવા અનેક સવાલ લોકો માં ચર્ચા નો વિષય બન્યો છે. આ પાલિકા તંત્ર દ્વારા વ્હાલા દાવલાની નીતિ કેમ ?.. તેવા અનેક સવાલો પાલિકા દ્વારા નગરના રોડને લઈ કોઈ ટીપ્પણી નહિ ખાલી દબાણ દુર કરવામાં રસ હોય તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે

# દેવગઢ બારીઆ શ્રીમંત જયદીપસિંહ હાઈસ્કુલનું કેરાલા ખાતે રમાયેલી જુડો સ્પર્ધામાં થર્ડ આવી ગૌરવ વધારતી વિદ્યાર્થિની

| (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૭ |



પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ ખાતે આવેલ શ્રીમંત જયદીપસિંહજી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા મા ધોરણ ૧૨મા અભ્યાસ કરતી વિદ્યાર્થીની કું. પ્રિયાંશીબેન મહેશભાઈ જેણે કેરાલા ખાતે રમાયેલી જુડો લીગ (નેશનલ) કેડેટ વિભાગમાં થર્ડ પ્રાઈઝ જીતી આવેલ છે જેથી આ વિદ્યાર્થિની પ્રિયાંશિબેન મહેશભાઈએ દાહોદ જિલ્લા અને તાલુકા તથા શાળાનું નામ રોશન કરવા બદલ શાળા ના આચાર્યશ્રી. એમ. બી. ખાબડ, સુપરવાઈઝરશ્રી. એ. પી. રાઠવા તેમજ શાળાના તમામ શિક્ષકગણ મિત્રોએ શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો

| અમરેલી, તા.૨૭ |

ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે અમરેલીના રાજુલા, જાફરાબાદ શહેર અન્ય ગ્રામ્ય પંથકમા ધોધમાર વરસાદ વરસ્યો છે. જાફરાબાદ તાલુકના હેમાળ કડીયાળી બાબરકોટ નાગેશ્રી સહિત આસપાસના ગામડામાં વરસાદ વરસ્યો છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે અમરેલીના રાજુલા, જાફરાબાદ શહેર અન્ય ગ્રામ્ય પંથકમા ધોધમાર વરસાદ વરસ્યો છે. જાફરાબાદ તાલુકના હેમાળ કડીયાળી બાબરકોટ નાગેશ્રી સહિત આસપાસના ગામડામાં વરસાદ વરસ્યો છે. રાજુલા શહેરની મુખ્ય બજારોમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. રાજુલા જાફરાબાદ પંથકમાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસતા ખેડૂતોમાં પાકને લઈ ચિંતા થઈ રહી છે.





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

| (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૭ |

આજરોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કુલ દીવડા કોલોની મુકામે યોજવામાં આવી જેમાં એડવોકેટ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર વિજયભાઈ સેવક અને ગૌતમભાઈ પારગી તથા પી એલ વી ઓ હાજર રહી બાળકોને પોકસો લોક અદાલત બાળ કાયદા મહિલા સશક્તિકરણ વિગેરે વિશે સમજ આપી સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરવા બાળકોને અનુરોધ કર્યો શાળાના પ્રિન્સિપાલ મનીષભાઈ તથા શ્રીવાસ્તવ સાહેબ અને શાળા સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી આભાર વિધિ શ્રીવાસ્તવ સાહેબ કરી હતી.

# અદાણી ફાઉન્ડેશન અને આઈ.સી.ડી. એસ. દ્વારા ઉમરપાડામાં પોષણ માહ ઉજવાયો



| (માહિતી) ગાંધીનગર, તા.૨૭ |

રાજય સરકાર દ્વારા કુપોષણ સામેની લડાઈ માટે સપ્ટેમ્બર માસને પોષણ માહ તરીકે ઉજવણી થઈ રહી છે. સમગ્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન વિવિધ પ્રવૃતિ સાથે સમગ્ર ઉમરપાડા તાલુકામાં અદાણી ફાઉન્ડેશનની ટીમ અને આઈ.સી.ડી. એસ. સાથે મળીને પોષણ માહની ઉજવણી કરવામાં આવી છે.

ઉમરપાડા તાલુકાને કુપોષણમુક્ત બનાવવા માટે એપ્રિલ ૨૦૨૪ થી અદાણી ફાઉન્ડેશન દ્વારા પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણની શરૂઆત કરવામાં આવી છે જેએ અંતર્ગત આઈ.સી.ડી.એસ. વિભાગ સાથે મળીને કુપોષણના પ્રમાણને ઘટાડવા માટેના સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. ઉમરપાડામાં ઉમદા અને પરિણામલક્ષી કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ઉજવણી દરમિયાન કિશોરીઓ, સગર્ભા બહેનો, ધાત્રી બહેનો તથા ભાઈઓમાં વધુ જાગૃતતા લાવી શકાય એ માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જાગૃતતા રેલી, ફેમિલી કોઉન્સેલિંગ, જૂથ ચર્ચા, વાનગી પ્રદર્શન, પોષણ વાટિકા, સરગવાના વૃક્ષોનું રોપણ, શાળા, આંગણવાડી તથા લાભાર્થીના ઘરે કરવામાં આવ્યું હતુ. આ દિવસો દરમ્યાન અદાણી ફાઉન્ડેશનની ટીમ અને સુપોષણ સંગીની બહેનો કે જેઓ ગામ લેવલે આ પ્રોજેક્ટ માટેની કામગીરી કરે છે એ બધાએ સાથે મળી ને અલગ અલગ પ્રવૃતિઓ દ્વારા ઉમરપાડા તાલુકા ના ૧૩,૨૩૬ જેટલા લોકો સુધી પહોંચીને એક નવી પહેલ કરી છે. આ તમામ પ્રવૃતિમાં આઈ.સી.ડી.એસ.નો સહયોગ દરેક તબક્કે રહ્યો હતો. સૌના સહિયારા પ્રયાસ દ્વારા ઉમરપાડા તાલુકામાં કુપોષણ ઘટાડવાના સઘન પ્રયત્ન થઈ રહ્યા છે.

# સુરત શહેર ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં છાપરાભાઠા વિસ્તારના દિવ્યાંગ યુગલ માટે લગ્ન સહાય યોજના બની આર્શિવાદરૂપ

| (માહિતી) ગાંધીનગર, તા.૨૭ |

દિવ્યાંગ વ્યક્તિને પણ સમાજમાં સ્વમાનભેર જીવવાનો હક છે. દિવ્યાંગ હોવા છતાં વ્યક્તિ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ વડે સમાજમાં ગૌરવભેર જીવી જ શકે એના માટે રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે,ત્યારે સુરત શહેરના કતારગામ ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં દિવ્યાંગ દંપતિને રૂા. એક લાખની સહાય મળતા તેઓની ખુશી બેવડાઈ હતી. સુરત શહેરના છાપરાભાઠા વિસ્તારની મણીબા પાર્ક સોસાયટીમાં રહેતા અને ટ્યુશન ક્લાસીસ ચલાવતા દિવ્યાંગ લાભાર્થી દિક્ષિતભાઈ જાખરીયા અને તેમના દિવ્યાંગ ધર્મપત્ની સરોજબેન માટે સરકારની લગ્ન સહાય યોજના આશીર્વાદરૂપ નિવડી છે. આ યોજના અંતર્ગત દિવ્યાંગ




યુગલને રૂ. ૫૦-૫૦ હજારના લેકે રૂ.૧લાખની સહાય પ્રાપ્ત થઈ છે. દિક્ષિતભાઈને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, સુરત ખાતેથી સરકારની દિવ્યાંગ લગ્ન સહાય યોજના વિશે માહિતી મળી હતી. સમાજ સુરક્ષા અધિકારી અને કર્મચારીઓની મદદથી તેમણે અને તેમના પત્નીએ દિવ્યાંગ લગ્ન સહાયનું ફોર્મ સરળતાથી ભરી દીધું અને તેમને બંનેને આજે ગરીબ કલ્યાણ મેળામાં રૂ.૫૦-૫૦ હજારની સહાય મળી હતી. પોતાના આ અનુભવ વિશે દક્ષિતભાઈએ જણાવ્યું હતુ કે, પાંચ મહિના પહેલા જ અમારા લગ્ન થયા. હું અને મારી પત્ની શિક્ષિત હોવાથી ટ્યુશન કલાસીસ ચલાવીને ગુંજરાન ચલાવીએ છીએ. મને દિવ્યાંગ લગ્ન સહાય વિશેની જાણવા મળ્યું અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરતા તેઓને વિનમ્રભાવે તમામ માહિતી આપી. બન્નેનું ફોર્મ ભરતા ટુંક જ સમયમાં કતારગામના ગરીબ કલ્યાણ મેળામાં અમોને રૂા.૫૦-૫૦ હજાર મળી કુલ એક લાખ રૂપિયાનો હાથોહાથ ચેક મહાનુભાવોના હસ્તે મળ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. બૉસનો સારો મિજાજ કામના સ્થળનું સંપૂર્ણ વાતાવરણ ખૂબ જ સુંદર કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિઝૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે. સમસ્યાઓ વચ્ચે ઝડપથી કામ કરવાની તમારી ક્ષમતા તમને માન-મરતબો અપાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે?

**મકર (ખ,જ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂર્તતા અને આઝાદી આપશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.

# મેક્સિકો બાદ હવે કેનેડાની સરહદથી યુએસમાં ઘૂસણખોરી કરનારા ભારતીયો વધ્યાં



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

સામાન્ય રીતે ભારતીયો યુએસમાં ગેરકાયદે પ્રવેશવા મેક્સિકોની સરહદ પસંદ કરતાં હતા પણ હવે યુએસમાં ઘુસવા માટે કેનેડાની સરહદેથી ભારતીયોનો ધસારો વધ્યો હોવાનું વિવિધ અહેવાલો જણાવે છે. મેક્સિકો અને અલ સાલ્વાડોરની સરહદે ચોંપ અને ખર્ચ વધતાં હવે ભારતીયો કેનેડાની સરહદથી USમાં ગેરકાયદે પ્રવેશવાનો પ્રયાસ કરતા હોવાનું જણાયું છે. સામાન્ય રીતે USમાં ગેરકાયદે પ્રવેશવા માંગતા ભારતીયો મેક્સિકો અથવા અલ સાલ્વાડોરમાંથી USમાં પ્રવેશવાનો પ્રયાસ કરતાં હતા. પણ અલ સાલ્વાડોર દ્વારા ભારતીય પ્રવાસીઓ પર ૧૧૩૦ ડોલરની ફી ૨૦૨૩માં દાખલ કરવાંમાં આવતાં અહીંથી USમાં ઘુસવાનો પ્રયાસ કરનારા ભારતીયોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. જો કે, બોલિવિયામાં હજી વીઝા ઓન એરાઈવલ મળતાં હોઈ અહીં પણ ઘણાં તકદીર અજમાવે છે. નવેમ્બર ૨૦૨૩ સુધી ઘણાં ભારતીયોએ નિકારાગુઆ અને અલ સાલ્વાડોરના વીઝા ફ્રી સ્ટેટસનો લાભ લીધો હતો. US કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેકશન દ્વારા ઉત્તર અમેરિકા એટલે કે કેનેડાની સરહદને ૧૩ સેક્ટરમાં વહેચી નાંખવામાં આવી છે. તેમાં પણ ન્યુ યોર્ક અને ન્યુ હેમ્પશાયરને આવરી લેતાં સ્વાન્ટોન સેક્ટરમાંથી ઘુસણખોરીનો પ્રયાસ કરતાં ભારતીયોની સંખ્યામાં વધારો થયો હોવાનું જણાયું છે. જુન ૨૦૨૪ સુધીમાં આ સેક્ટરમાં ૨૭૧૫ ભારતીયો સરહદ પાર કરવાનો પ્રયાસ કરતાં જણાયા હતા. જો કે, ફેબ્રુઆરીથી નવેમ્બર ૨૦૨૩ દરમ્યાન એરિઝોનામાં આવેલાં ટકસન સેક્ટરમાંથી ૫૫૯૮ ભારતીયો USમાં પ્રવેશવાનો પ્રયાસ કરતાં જણાયા હતા. ભાષાની નજરે યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કરનારા ભારતીયોના આંકડાઓ જોઈએ તો ૨૦૧૨થી ૨૦૨૪ સુધીમાં ઈમિગ્રેશન કોર્ટમાં બચાવ કરતાં ભારતીયોની બોલાતી ભાષાઓમાં પજાબી, હિન્દી અને ગુજરાતી મુખ્ય જણાઈ હતી. પંજાબીઓના ૭૯,૬૫૬ કેસ, હિન્દીઓના ૩૯, ૬૧૬ કેસ અને ગુજરાતીઓના ૧૮,૬૩૯ કેસ આ કોર્ટમાં ચાલ્યા હતા. તેમાં એસાઈલમ મેળવવામાં સફળ થનારાઓમાં સૌથી વધુ ૭૩ ટકા પંજાબીઓ જણાયા હતા.

### મેક્રોને કહ્યું, સંયુક્ત રાષ્ટ્રને ખતમ ન કરવું જોઈએ

# ભારત યુએનએસસીનું કાયમી સભ્ય હોવું જોઈએ, ઓપન ફોરમમાં ફ્રાન્સનું સમર્થન

## ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલીના ૭૯મા સત્રમાં સામાન્ય ચર્ચાને સંબોધતા મેક્રોને કહ્યું, 'જર્મની, જાપાન, ભારત અને બ્રાઝિલ સ્થાયી સભ્યો હોવા જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના સ્થાયી સભ્ય તરીકે ભારતના સમાવેશને ભારપૂર્વક સમર્થન આપ્યું હતું. તેમણે જર્મની, જાપાન, બ્રાઝિલ અને બે આફ્રિકન દેશોના ઉમેદવારોને પણ સમર્થન આપ્યું હતું. ગુરુવારે ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલીના ૭૯મા સત્રમાં સામાન્ય ચર્ચાને સંબોધતા મેક્રોને કહ્યું, 'જર્મની, જાપાન, ભારત અને બ્રાઝિલ સ્થાયી સભ્યો હોવા જોઈએ, સાથે સાથે આફ્રિકાએ પોતાનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. નવા ચૂંટાયેલા સભ્યોનો પણ સમાવેશ થવો



જોઈએ. ફ્રાંસના રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્રને વધુ અસરકારક અને પ્રતિનિધિત્વ કરવા માટે તેની અંદર સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો. મેક્રોને કહ્યું, 'સંયુક્ત રાષ્ટ્રને ખતમ ન કરવું જોઈએ, પરંતુ તેમાં આજની વાસ્તવિકતાઓ અનુસાર સુધારો થવો જોઈએ.' તેમણે કહ્યું કે વર્તમાન સુરક્ષા પરિષદ, જે ઘણીવાર વિરોધાભાસી હિતોના કારણે અટકી જાય છે, તેને બદલવાની જરૂર છે. મેક્રોને કહ્યું, 'શું કોઈ સારી સિસ્ટમ છે? મને નથી લાગતું. તો ચાલો આપણે સંયુક્ત રાષ્ટ્રને વધુ અસરકારક બનાવીએ, કદાચ સૌ પ્રથમ તેમાં વધુ પ્રતિનિધિ બનાવીએ. આ કારણે હું અને ફ્રાન્સ ફરી એકવાર સુરક્ષા પરિષદના વિસ્તરણની તરફેણમાં અવાજ ઉઠાવી રહ્યા છીએ. આ પહેલા ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટે પણ સુરક્ષા પરિષદમાં ભારતને સામેલ કરવાની હિમાયત કરી હતી.

### બાંગ્લાદેશના પીએમ યુનુસે કર્યો ખુલાસો

# શેખ હસીનાને સત્તાથી હટાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું

## અમેરિકામાં ક્લિન્ટન ગ્લોબલ ઇનિશિયેટિવની બેઠકને સંબોધિત કરતી વખતે યુનુસે બાંગ્લાદેશના વિદ્યાર્થી નેતાઓની પ્રશંસા કરી હતી

। (એજન્સી) ઢાકા, તા.૨૭ ।

નોબેલ પુરસ્કાર વિજેતા અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે સ્વીકાર્યું છે કે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી હટાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. અમેરિકામાં ક્લિન્ટન ગ્લોબલ ઈનિશિયેટિવની બેઠકને સંબોધિત કરતી વખતે યુનુસે બાંગ્લાદેશના વિદ્યાર્થી નેતાઓની પ્રશંસા કરી હતી. આ બેઠકમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને વર્તમાન રાષ્ટ્રપતિ જો બિડેન પણ સામેલ થયા હતા. યુનુસે પોતાના ભાષણમાં કહ્યું કે વિરોધ પ્રદર્શન પાછળ કોણ છે તે કોઈ કહી શક્યું નથી. જોકે, યુનુસે મહફૂઝ આલમનું નામ લીધું હતું. આ દર્શાવે છે કે હસીનાને દેશની બહાર લઈ જવામાં તેની ભૂમિકા હતી. આ આંદોલન અચાનક શરૂ થયું નથી. તે અત્યંત સાવચેતી સાથે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આંદોલનની આગેવાની પણ તૈયાર કરવામાં આવી હતી. આ નેતા કોણ હતા તે કોઈને ખબર નથી.આ બેઠકમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે પણ મહફુઝ આલમનો પરિચય કરાવ્યો હતો. તેમણે કહ્યું કે જો તમે આ વિદ્યાર્થી નેતાઓના ચહેરા જોશો તો તેઓ સામાન્ય યુવાનો જેવા દેખાશે. પણ જ્યારે તે બોલવાનું શરૂ કરશે ત્યારે તમે પણ કંપી જશો. તેમણે પોતાના ભાષણથી સમગ્ર દેશને હચમચાવી દીધો હતો.

### ફીના અભાવે IITમાં પ્રવેશથી વંચિત

# ગરીબ વિદ્યાર્થીને સુપ્રીમે મદદનું આશ્વાસન આપ્યું

## IIT-ધનબાદમાં એડમિશન માટે વિદ્યાર્થી ફીના રૂપિયા ૧૭,૫૦૦ની વ્યવસ્થા નહોતો કરી શક્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

સુપ્રીમ કોર્ટે એક ગરીબ દલિત યુવકને મદદ કરવાનો ભરોસો આપ્યો છે. આ ગરીબ યુવકે આઈઆઈટી-ધનબાદમાં આકરી મહેતન પછી મેળવેલી સીટ(એડમિશન) ગુમાવી દીધી હતી, કારણ કે તે અંતિમ પ્રયાસમાં આઈઆઈટીમાં પ્રવેશ માટેની પ્રતિષ્ઠિત પરીક્ષામાં ક્વોલિફાઈડ થયા પછી એડમિશન સ્વીકૃતિની ફી પેટેની રકમ નિયત સમયમર્યાદામાં રૂપિયા ૧૭૫૦૦ જમા કરાવી શક્યો ન હતો. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે મંગળવારે ૧૮ વર્ષીય અતુલ કુમારના વકીલને કહ્યું કે, અમે તમને શક્ય તમામ મદદ કરીશું. પરંતુ છેલ્લા ત્રણ મહિનામાં તમે શું કરી રહ્યા હતા? કારણ કે ફી જમા



કરાવવાની સમયમર્યાદા ૨૪ જૂને સમાપ્ત થઈ ગઈ હતી. અતુલ કુમારના માતા-પિતા ૨૪ જૂન સુધી એડમિશન સ્વીકૃતિની ફી પેટે રૂપિયા ૧૭૫૦૦ જમા કરાવવામાં નિષ્ફળ રહ્યા હતા, જે સીટ કન્ફર્મ કરાવવા માટે અપેક્ષિત રકમ જમા કરવાની છેલ્લી તારીખ હતી. યુવકના માતા-પિતાએ પુત્રએ આકરી મહેતનથી મેળવેલા એડમિશનને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, ઝારખંડ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી અને મદ્રાસ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. તેમના વકીલે સુપ્રીમ કોર્ટની બેન્ચને જણાવ્યું કે અતુલ કુમારે દ્વિતીય અને છેલ્લા પ્રયાસમાં જેઈઈ એડવાન્સની પરીક્ષા પાસ કરી હતી અને જો સુપ્રીમ કોર્ટ તેને કોઈ મદદ નહીં કરે તો તે બીજી વાર પરીક્ષા આપી શકશે નહીં. ખૂબ જ સંક્ષિપ્ત દલીલો પછી સુપ્રીમ કોર્ટની બેન્ચે આઈઆઈટી મદ્રાસની જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી, આઈઆઈટી એડમિશનને નોટિસ આપી છે, જેણે આ વર્ષની પરીક્ષાનું આયોજન કર્યુ હતું. યુવકના પરિવારની આર્થિક સ્થિતિનો હવાલો આપીને વકીલે કહ્યું કે, વિદ્યાર્થીઓ માટે ૨૪ જૂનની સાંજે પાંચ કલાક સુધી રૂપિયા ૧૭૦૦૦ની વ્યવસ્થા કરવી ખૂબ મુશ્કેલ હતી, એ પણ આઈઆઈટી ધનબાદમાં સીટ ફાળવણીના ફક્ત ચાર દિવસ પછી.

### MUDA કૌભાંડ વચ્ચે રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# કર્ણાટકમાં મંજૂરી વિના CBI તપાસ નહીં કરી શકે

## હવે કેન્દ્રીય તપાસ એજન્સી રાજ્ય સરકારની પરવાનગી વગર કર્ણાટકમાં પ્રવેશ કરી શકશે નહીં

। (એજન્સી) કર્ણાટક, તા.૨૭ ।

કર્ણાટક સરકારે રાજ્યમાં કેસોની તપાસ કરવા માટે સીબીઆઈને આપેલ સંમતિ પરત લેવાનો નિર્ણય લીધો છે. હવે કેન્દ્રીય તપાસ એજન્સી રાજ્ય સરકારની પરવાનગી વગર કર્ણાટકમાં પ્રવેશ કરી શકશે નહીં. મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠક પછી કાયદા અને સંસદીય કાર્ય પ્રધાન એચ કે પાટિલે જણાવ્યું છે કે, દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબલિશમેન્ટ એક્ટ, ૧૯૪૬ હેઠળ કર્ણાટક રાજ્યમાં ગુનાહિત કેસોની તપાસ



માટે સીબીઆઈને સામાન્ય સંમતિ આપતું નોટિફિકેશન પરત લઈ લેવામાં આવ્યું છે. આ નોટિફિકેશન એટલા માટે પરત લેવામાં આવ્યું છે કારણકે એક બાબત સ્પષ્ટ છે કે સીબીઆઈ અથવા કેન્દ્ર સરકાર પોતાના સાધનોનો ઉપયોગ કરતી વખતે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતી નથી.

### ચીન સ્થગિત વૃદ્ધિ સાથે અમેરિકા પછી બીજા ક્રમેઃ ઓસ્ટ્રેલિયન થિંક ટેન્ક

# એશિયા પાવર ઇન્ડેક્સમાં જાપાનને પાછળ રાખી ભારત ત્રીજા સ્થાને પહોંચયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ઓસ્ટ્રેલિયન થિંક-ટેન્ક દ્વારા જારી કરાયેલા વાર્ષિક 'એશિયા પાવર ઈન્ડેક્સ'માં ભારતે જાપાનને પછાડી ત્રીજું સ્થાન મેળવ્યું છે. કોરોના પછીની ઝડપી આર્થિક વૃદ્ધિને કારણે ભારતની ટોપ-૩ દેશોમાં એન્ટ્રી થઈ છે. ચીન સ્થગિત વૃદ્ધિ સાથે અમેરિકા પછી બીજા ક્રમે રહ્યું છે. સિડની સ્થિત લોવી ઈન્સ્ટિટ્યુટે એશિયા પાવર ઈન્ડેક્સમાં અમેરિકાને ૮૧.૭ના સ્કોર સાથે મોખરાનું સ્થાન આપ્યું છે. ઈન્ડેક્સના રેન્કિંગ જાહેર કરતી વખતે ભારતની વૃદ્ધિ માટે આર્થિક વૃદ્ધિ, ભાવિ સંભાવના અને રાજદ્વારી પ્રભાવને



મહત્વના પરિબળ ગણાવવામાં આવ્યા છે. જોકે, તેમાં એવું પણ જણાવાયું છે કે, ભારતના સ્ત્રોતોની તુલનામાં તેની વૃદ્ધિ અપેક્ષિત સંભાવના કરતાં ઓછી રહી છે. ઓસ્ટ્રેલિયન થિંક ટેન્કે જણાવ્યું હતું કે, "કોરોના મહામારી પછી ભારતે પ્રોત્સાહક આર્થિક રિકવરી દર્શાવી છે. જેને લીધે આર્થિક ક્ષમતામાં ૪.૨ પોઈન્ટનો વધારો નોંધાયો છે. ભારતની બહોળી વસતી અને મજબૂત જીડીપી વૃદ્ધિ વિશ્વના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર તરીકે તેના સ્થાનને યોગ્ય ઠેરવે છે." થિંક-ટેન્કના જણાવ્યા અનુસાર "વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતાગિરીને કારણે ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક ઓળખ મળી છે. વિવિધ વાટાઘાટ તેમજ ક્વોડમાં ભારતની આગેવાનીને કારણે તે પ્રાદેશિક સુરક્ષા સમીકરણોમાં મહત્વની ભૂમિકા ભજવી શક્યું છે.

# 'ઉંદરોની જેમ' આરએસએસ ઝારખંડમાં ઘુસી રહ્યું છેઃ હેમંત

। (એજન્સી) રાંચી, તા.૨૭ ।

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને બુધવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ની સરખામણી 'ઉંદરો' સાથે કરી છે. આ સાથે હેમંત સોરેને ભાજપ અને આરએસએસ પર ચૂંટણીના ફાયદા માટે રાજ્યમાં સાંપ્રદાયિક ભાઈચારાને બગાડવાની કોશિશ કરવાનો આરોપ લગાવ્યો છે. સાહિબગંજ જિલ્લાના ભોગનાડીહમાં આયોજિત એક જાહેરસભાને સંબોધિત કરતી વખતે મુખ્યમંત્રી હેમંત સોરેને દાવો કર્યો કે, ભાજપ હિન્દુ અને મુસ્લિમ સમુદાયમાં દ્વેષના બીજ રોપી રહી છે. આ દરમિયાન હેમંત સોરેને ખાસ કરીને અસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાની એમાં સંડોવણી હોવાની વાત કરી હતી. હેમંત સોરેને ભાજપને વેપારીઓ અને ઉદ્યોગપતિઓની પાર્ટી ગણાવી હતી. આ સાથે તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ પોતાના રાજકીય એજન્ડા માટે રાજકીય નેતાઓની ખરીદી કરી રહ્યું છે. તેમનો સ્પષ્ટ સંદર્ભ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપઇ સોરેન દ્વારા તાજેતરમાં ભાજપમાં સામેલ થવાને લઈને હતો.

### પ્રેસિડેન્ટ બાઇડેને ઉમેદવારી પાછી ખેંચી લીધા પછીનો પહેલો સરવે

# એશિયન અમેરિકન મતદાતાઓમાં ટ્રમ્પ પર હેરિસની સરસાઇ : સરવે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકન પ્રેસિડેન્ટની ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી રહ્યો છે ત્યારે એક સરવેમાં એશિયન અમેરિકન મતદાતાઓમાં કમલા હેરિસ ટ્રમ્પ કરતાં ૩૮ પોઈન્ટથી આગળ હોવાનું જણાવાયું છે. જુલાઈમાં પ્રેસિડેન્ટ બાઈડેને ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી આ પહેલો સરવે છે. શિકાગો યુનિવર્સિટીની એનઓઆરસી દ્વારા કરાયેલા સરવે અનુસાર એશિયન અમેરિકન મતદાતાઓમાં ડેમોક્રેટિક પાર્ટીના પ્રેસિડેન્ટ પદના ઉમેદવાર કમલા હેરિસ ડોનલ્ડ ટ્રમ્પ કરતાં ૩૮ પોઈન્ટ આગળ છે. આ સાથે બાઈડેનની ૧૫ પોઈન્ટની સરસાઈમાં ૨૩ પોઈન્ટનો ઉમેરો થયો છે. ૬૬ ટકા એશિયન અમેરિકન મતદાતા હેરિસને મત



આપવાની યોજના ધરાવે છે. જ્યારે ૨૮ ટકા જ ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ટ્રમ્પની તરફેણમાં છે. હેરિસ અને ટ્રમ્પ સિવાયના ઉમેદવારને મત આપનારા લોકોની સંખ્યા ૭ ટકા છે. એપ્રિલ-મેમાં કરાયેલા ૨૦૨૪ એશિયન અમેરિકન વોટર સરવેમાં ૪૬ ટકા એશિયન અમેરિકન્સે બાઈડેન પર પસંદગી ઉતારી હતી.

## વિશેષ

### ભૂગર્ભમાં સંગ્રહાયેલું વરસાદી પાણી દરેક પ્રકારના મિનરલ્સથી ભરપૂર હોવાથી સ્વાસ્થ્ય માટે ઉત્તમ': કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ

# 'જળસંચય જનભાગીદારી' યોજના હેઠળ નર્મદ યુનિવર્સિટીના ૨૧૦ એકરના કેમ્પસમાં ૨૦૦થી વધુ વોટર રિચાર્જ બોરવેલ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે 'જળસંચય જનભાગીદારી' યોજના હેઠળ નર્મદ યુનિવર્સિટીના ૨૧૦ એકરના કેમ્પસમાં ૨૦૦થી વધુ વોટર રિચાર્જ બોરવેલ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ પાંચ બોરવેલની કામગીરીનું તેમણે ખાતમુહુર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત સુરતવાસીઓને વરસાદી પાણીના સંગ્રહનું મહત્વ સમજાવી પોતાના ઘર, સોસાયટીઓમાં વધુમાં વધુ બોરવેલ બનાવી જળસંચય કરવાની અપીલ કરી હતી. જેથી વિકાસ મોડેલ તરીકે પ્રખ્યાત ગુજરાત જળ સંચયમાં પણ મોખરે રહી દેશઅને નવી રાહ ચીંધી શકે. જળસંચયને જનભાગીદારી યોજના ગણાવી તેમણે કહ્યું કે, સરકારની મદદ સાથે નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ અને ઉદ્યોગોના સામૂહિક પ્રયાસો મળી આવનારા વર્ષોમાં પાણીની અછતની સમસ્યાને સંપૂર્ણ નિવારી શકાશે. શહેરની સાથે ગામોમાં પણ આ યોજનાના અમલથી વરસાદી પાણીને વહેતું અટકાવી ઘરોમાં અને ખેતરોમાં પાણીની તંગીની સમસ્યા હલ થશે. સાથે જ અતિવૃષ્ટિ કે





અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાં પણ પહોંચી વળાશે. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, દરેક ઘરમાં કે ઘર પાસે બોર બનાવી ન્યુનત્તમ ૧ લાખ લીટર પાણીનો સંગ્રહ થઈ શકે છે. જે દૈનિક પાણીના વપરાશમાં ઉપયોગી થઈ શકે છે. તો ગામમાં વરસાદી વ્હેણનું પાણી સંગ્રહ કરાતા કુવામાં પાણીનું જળસ્તર અને ગુણવત્તા બંન્ને સુધરે છે. તેમણે કહ્યું કે, ભૂગર્ભમાં સંગ્રહાયેલું વરસાદી પાણી દરેક પ્રકારના મિનરલ્સથી ભરપૂર હોય સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ છે. વધુ પડતાં વરસાદથી શહેરના કેટલાક વિસ્તારોમાં ભરાતા પાણીની સમસ્યાને નિવારવા શહેરી વહીવટીતંત્રને રોડની આજુબાજુની જગ્યામાં મહત્તમ બોર બનાવવા ટકોર કરી હતી. જેથી પાણી ભરવાની સમસ્યાની સાથે રસ્તાના ધોવાણને પણ અટકાવી રસ્તાઓને થતું નુકસાન ટાળી શકાય. વરસાદી પાણીના સંગ્રહની સાથે તેમણે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત મહત્તમ વૃક્ષારોપણ કરવા અપીલ કરી હતી. જેથી આવનારા વર્ષોમાં પાણી અને વૃક્ષોના જતનથી પર્યાવરણનું સંતુલન જાળવી શકાય. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયર નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, શાસકપક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, વીર નર્મદ યુનિ.ના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા, રજિસ્ટ્રારશ્રી આર. સી.ગઢવી સહિત યુનિ.ના પ્રાધ્યાપકો, અગ્રણી પરેશભાઈ પટેલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### નડિયાદના SRP ગ્રૂપ કમાન્ડર PIનું રહસ્યમય સંજોગોમાં મોત

। (એજન્સી) નડિયાદ, તા.૨૭ ।

નડિયાદ SRP કંપની સી-ગ્રૂપ૭ના ૨૨ પોલીસ જવાનોને પાવાગઢમાં કાયમી બંદોબસ્ત માટે મૂક્યા છે, આ જવાનો જુદા-જુદા પોઈન્ટ પર ફરજ બજાવે છે, આ પોઈન્ટ પર કામગીરીનું સમયાંતરે નિરીક્ષણ કરવામાં આવે છે, ત્યારે ગત બુધવારે નિરીક્ષણ માટે નડિયાદથી SRP ગ્રૂપ કમાન્ડર P.I. જી.આર. પટેલ પાવાગઢ આવ્યા હતા. જેથી તેમના રાત્રી રોકાણની વ્યવસ્થા પાવાગઢમાં ફરજ બજાવતા પોલીસ જવાને પાવાગઢની તળેટીમાં શિવશક્તિ નિવાસ ધર્મશાળામાં કરી હતી. P.I. સાંજે રૂમ પર પહોંચ્યા હતા. બાદમાં રાત્રી ભોજન માટે સાથી કર્મચારી ટીફીન આપ વા આવ્યા ત્યારે તેમની સાથે બીજા દિવસની કામગીરી બાબતે ચર્ચા કરી હતી. સાથી જવાનો ત્યાર બાદ રૂમ પર જતા રહ્યા હતા. તેવામાં ગુરુવારે નડિયાદથી આવેલા SRP ગ્રૂપ કમાન્ડર P.I.ની રૂમનો દરવાજો ખુલ્લો હતો અને જમીન પર વ્યક્તિ પડી હોવાનું સામેના રૂમમાં રોકાયેલા યાત્રિકના ધ્યાને આવ્યું હતું.

### અમદાવાદમાં દિલ્હી સીબીઆઈએ રેડ પાડી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં બેઠા બેઠા વિદેશી નાગરિકોને ચૂનો લગાવતા લોકો સામે કડક કાર્યવાહી થઈ રહી છે. કોલ સેન્ટરની આડમાં અહીં એવા ગોરખધંધા થતાં હતા જેનો પોલીસે પર્દાફાશ કર્યો છે. અમદાવાદ શહેર અને આસપાસની જગ્યાએ અંદાજે ૩૫ જેટલાં કોલ સેન્ટર પર દિલ્હી CBIની ટીમે દરોડા પાડ્યા છે. ગઈકાલે મોડી રાતથી આ દરોડા ચાલી રહ્યા છે. જેમાં અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કેટલાંક કોલ સેન્ટર હોવાની પણ વાત સામે આવી રહી છે. એટલું જ નહીં આ કોલ સેન્ટરની રેડમાં સ્થાનિક પોલીસને જાણ કર્યા વગર CBIના ૩૫૦થી વધુ લોકો ગઈકાલે અમદાવાદ આવી પહોંચ્યા હતા અને આખી રાત રેડ ચાલુ રાખી હતી. ગુજરાતમાં સતત ફાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે, ત્યારે શહેરમાં ચાલતા વિવિધ કોલ સેન્ટરો દ્વારા વિદેશી નાગરિકોને પોતાની જાળમાં ફસાવી લોકોના રૂપિયા પડાવી લેવામાં આવતા હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. વિદેશી નાગરિકોને ફસાવીને તેમના રૂપિયા પડાવતી આખી સિસ્ટમ કોલ સેન્ટરના નામે ચાલતી હોય છે અને તેમાં અનેક લોકોના રૂપિયા પડાવી લેતા હોવાના કિસ્સા સામે આવ્યા છે. અગાઉ એફબીઆઈએ આ સંદર્ભે રેડ કરી હતી. ત્યારે ફરી એક વખત ગુજરાતમાં સીબીઆઈની ૩૫૦ લોકોની ટીમ ૩૫ જગ્યાએ દરોડા પાડ્યા હોવાનું સામે આવી રહ્યું છે. જેના લીધે સાયબર ફ્રોડની ટુકડીમાં ખળભળાટ વ્યાપી જવા પામ્યો છે. વિદેશી નાગરિકોને છેતરવાની આ વિગતો CBIને જાણવા મળી હતી. જે આધારે તેમણે રેડ કરી છે. હજી રેડમાં શું નીકળ્યું છે તે જાણવા મળ્યું નથી. પરંતુ આ શંકાને આધારે ખૂબ મોટી રેડ અમદાવાદમાં ચાલી રહી છે. ત્યારબાદ હજી પણ આ પ્રક્રિયા ચાલી રહી છે.

### રૂ.૬૩૩ કરોડના ખર્ચે નિર્મિત યોજનાઓનું લોકાર્પણ

# બનાસકાંઠામાં મુખ્યમંત્રીના હસ્તે જુથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ

### આ યોજનાથી ૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકોને દૈનિક ૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી મળશે



। (એજન્સી) પાલનપુર, તા.૨૭ ।

સરહદી જિલ્લા બનાસકાંઠામાં પીવાના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે સરકાર દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા છે. જે અંતર્ગત કુલ રૂપિયા ૬૩૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડીસા અને લાખણી તાલુકાના પાણી પુરવઠાની સુધારણા યોજનાના વિકાસ કાર્યોનું આજરોજ ડીસાના આખોલ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયુ હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સમગ્ર યોજનાની ઝીણવટભરી માહિતી મેળવી પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. મળતી માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લાના ડીસા, લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ગામડાઓ અને થરા શહેરને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા દ્વારા દેવપુરા-વાવ ઓફટેક અને રાણકપુર ઓફટેક સુધારણા યોજના વર્ષ ૨૦૨૦માં તૈયાર કરવામાં આવી હતી. જે યોજનાની કામગીરી પૂર્ણ થતાં ડીસાના આખોલ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ યોજનાથી ડીસા, લાખણી, કાંકરેજ, દિયોદર અને થરાના કુલ ૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકો માટે દૈનિક ૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી મળી રહેશે. આ લોકાર્પણ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા, સાંસદ ભરતસિંહ ડાભી, રાજ્યસભાના સાંસદ બાબુભાઈ દેસાઈ, ધારાસભ્ય પ્રવીણભાઈ માળી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા





# રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપનું ધરણા પ્રદર્શન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં જઈને અનામત મામલે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જેને લઈ સમગ્ર દેશમાં ભાજપે રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ શરૂ કર્યો છે. જે અંતર્ગત અમદાવાદના RTO સર્કલ સ્થિત કલેક્ટર કચેરી પાસે ભાજપે વિરોધ પ્રદર્શન કર્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં ભાજપે કોંગ્રેસને દેશ વિરોધી ગણાવી છે. "અનામત વિરોધી કોંગ્રેસ દેશ વિરોધી કોંગ્રેસ"ના પોસ્ટર સાથે ભાજપે ધરણા પ્રદર્શન કરીને રાહુલ ગાંધી માફી માંગે તેવી માગ કરી છેકોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવેદનને લઈ ભારતીય જનતા પાર્ટીએ વિરોધ નોંધાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ મહેસાણા, અમદાવાદ સહિત વિવિધ શહેરોમાં વિરોધ નોંધાવ્યો છે. રાજયભરના તમામ જીલ્લામા હોદેદારઓ, કાર્યકર્તાઓએ સાથે મળી એક રેલી સ્વરૂપે વિરોધ પ્રદર્શન યોજયું છે. ભાજપના નેતાઓએ આ મુદ્દે જણાવ્યું હતુ કે "રાહુલ ગાંધી જે પરિવારમાથી આવે છે તે પાર્ટીની વિચારઘારાએ આખા દેશના આનામતને નાબુદ કરવાનુ કામ કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પછાત વર્ગના લોકો વિકાસની ઘરોમા જોડાય તે માટે વિવિધ કામોની માહિતી આપી.

### હર્ષ સંઘવી અને ઓવૈસી વચ્ચે શાબ્દિક રકઝક

# અમદાવાદમાં વક્ફ બોર્ડ મુદ્દે મળેલી JPCની બેઠકમાં વિવાદ

### હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરમાં પણ બેઠકો યોજાશે





**જેપીસીમાં ૩૧ સાંસદોનો સમાવેશ**

**જેપીસી આગામી દિવસોમાં હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરમાં પણ બેઠક યોજશે. આ JPC એટલે કે સંયુક્ત સંસદીય સમિતિની રચના વક્ફ સુધારા બિલની આવશ્યકતા અંગે કરવામાં આવી છે. જેમાં ૩૧ સાંસદોનો સમાવેશ થાય છે. આ સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદોનો સમાવેશ થાય છે.**

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદની હોટેલ તાજ ખાતે આજે ગુજરાત સરકાર, ગુજરાત વક્ફ બોર્ડ અને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની મહત્વની બેઠક મળી હતી. જેમાં જેપીસી સમક્ષ ગુજરાત સરકાર અને ગુજરાત વક્ફ બોર્ડની રજૂઆત કરવામાં આવી હતી. તૈંઝ વક્ફ બોર્ડ અને અન્ય સંબંધિત પક્ષના લોકો સાથે ચર્ચા કરી હતી. ત્યારે અસદુદ્દીન ઓવૈસી અને હર્ષ સંઘવી વચ્ચે જોરદાર શાબ્દિક બોલાચાલી થઈ હોવાનું સામે આવ્યું હતું JPCની બેઠક દરમિયાન બોલાચાલી થઈ હતી. જોકે, સંઘવીએ આ મામલે કંઈ પણ કહેવાનો ઈક્રાર કરી દીધો હતો.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યના દરેક નાગરિકના હિતમાં લેવાયેલા નિર્ણયની રજૂઆત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર માને છે કે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારા અંગે અભિપ્રાયની આ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે. જેપીસી મંત્રીએ કહ્યું કે તેઓ આ મુદ્દાઓ પર ખુલ્લેઆમ ચર્ચા કરશે, જેમાં નવી નીતિઓ પર ચર્ચા અને નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. ગુજરાતના વક્ફ વહીવટ માટે આ બેઠક એક મહત્વપૂર્ણ અવસર બની છે, જે ભવિષ્યમાં અન્યાયના નિવારણ માટે નવી દિશા પ્રદાન કરી શકે છે. આ બેઠકમાં જે મુદ્દાઓ પર ચર્ચા થઈ છે તેની માહિતી JPC દ્વારા મળશે, જેસીપીના નિયમ અનુસાર બેઠકમાં જે ચર્ચા થઈ છે તે માહિતી શેર કરવામાં આવશે નહિ.

કોંગ્રેસના MLA ઈમરાન ખેડાવાલાએ કહ્યુ કે સંયુકત સાંસદીય સમિતિની બેઠમાં રાજ્યાના ગૃ હમંત્રીએ સરકાર શું કરી રહી છે તેનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. ખેડાવાલાએ આક્ષેપ કરતા કહ્યું કે સરકાર અને ગૃહ રાજ્ય મંત્રી દેખાવો કરી રહ્યા છે અને ભાજપના બિલને સમર્થન આપી રહ્યા છે. પ્રેઝન્ટેશન સરકારના બ્રીફ મુજબ કરવામાં આવ્યું હતું. અમે ૧૪ સૂચનો આપ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, ‘અમે સરકારની રજૂઆતના સમર્થનમાં નથી. સરકાર તરફથી કલેક્ટરને સત્તા આપવાનું સૂચન હતું. દેશભરના રાજ્યોમાં અલગ-અલગ વક્ફ બોર્ડ છે. તેથી આ બિલ લાવીને મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવામાં આવ્યો છે. અમે હર્ષ સંઘવીની રજૂઆતના સમર્થનમાં નથી.

આ સાથે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ પહોંચ્યા. ઈમરાન ખેડાવાલા મુસ્લિમ સમાજ વતી આવેદન પત્ર આપ્યું હતું. વક્ફ એમેન્ડમેન્ટ ૨૦૨૪ના વિરોધમાં આવેદન આપશે.

JPCમાં ૨૧ લોકસભા અને ૧૦ રાજ્યસભાના સાંસદોનો સમાવેશ થાય છે, જે અગાઉ ચાર વખત બેઠક કરી ચુકી છે. આ બેઠકમાં વકફ સંશોધન બિલ પર ચર્ચા કરવામાં આવશે અને કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવશે. વકફ બોર્ડ અને અન્ય વિભિન્ન સંગઠનો વચ્ચે ચાલી રહેલા વિવાદોનું વેરિફિકેશન કરવાની તક મળશે. આ સાથે વકફ બોર્ડના પૂર્વ સભ્ય ઈકબાલ શેખએ વધુ ઉમેરીયું હતુ કે, ૪૫ જેટલા સુધારા બાબતે અમે લેખિતમાં રજૂઆત કરીશું. વકફ બોર્ડના અમુક નિયમો બદલવાની વાત છે. જેમાં મુસ્લિમોને હોદ્દેદારોને વકફ બોર્ડમાંથી બદલાવના કેટલાક મુદ્દા છે. જે વકફ એક્ટને નષ્ટ કરવાની વાત છે. જેની સામે આજે અમે બેઠક માં જોડાઈશું.

ખુર્શીદ શૈખે કહ્યુ કે અમે મુસ્લિમ સમુદાય આ બિલનો વિરોધ કરીએ છીએ. વકફ બોર્ડ જ્યાં આંગળી મૂકે છે તે જગ્યા બની જાય છે તે કહેવું ખોટું છે. વકફ બોર્ડ ક્યારેય કોઈ જમીન ખોટી રીતે લેતું નથી. દાનમાં આપવામાં આવેલી જમીનનો વહીવટ વકફ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. વક્ફ ટ્રિબ્યુનલ આ બાબતે કામ કરી રહી છે પરંતુ ગેરસમજ ઊભી કરી છે અને મામલાને ઊંધો લઈ ગયો છે.

### દસથી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આ બસનો ઉપયોગ કરતા હતા

# AMTS દ્વારા સાણંદનો ૧૩૮/૧ રૂટ બંધ કરાતાં મુસાફરોમાં રોષ

### સાણંદ સુધી શરૂઆતમાં લાલદરવાજાથી વાયા પાલડી, વાસણા, જુહાપુરા, સરખેજ થઇને સાણંદના માધવનગર સુધી એક રૂટ શરુ કરાયો હતો

। (એજન્સી) સાણંદ, તા.૨૭ ।

ઔડા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભળવા જઈ રહેલા સાણંદ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી એ.એમ. ટી.એસ.બસની સુવિધા શરૂ કરાઈ છે. જોકે, તે પૈકી સાણંદનો ૧૩૮/૧ રૂટ બંધ કરાતાં મુસાફરોમાં રોષ વ્યાપ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા સાણંદ સુધી શરૂઆતમાં લાલદરવાજાથી વાયા પાલડી, વાસણા, જુહાપુરા, સરખેજ થઈને સાણંદના માધવનગર સુધી એક રૂટ શરુ કરાયો હતો. થોડા સમય બાદ ૧૩૮/૧ નંબરની બસનો રૂટ વહેલી સવારે ૬:૩૦ કલાકે રિદ્ધિ સિદ્ધિ બંગ્લોઝથી ઘોડાગાડી સ્ટેન્ડ, ગોધાવી, મનીપુર, ઘુમા-બોપલ, ઈસ્કોન, નહેરુનગર, લો-ગાર્ડનથી લાલદરવાજા સુધી ચાલતો હતો.

આ રૂટમાં સાણંદ શહેરની બે શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત ગોધાવી પાસેની એસ.એસ.આર.વી.એમ વિદ્યાલય, મનીપુરની સંસ્કાર વિદ્યાલય, બોપલની તેજસ સ્કૂલ, રામદેવનગરની નારાયણ ગુરુ સ્કૂલ એન્ડ કોલેજ, જીએલએસ, ગુજરાત કોલેજ, એમ.જે લાયબ્રેરી, એચ. કે કોલેજ,ભવન્સ કોલેજ લાલદરવાજા સુધી આવવા જવા માટે મોટાભાગે વિદ્યાર્થીઓ તેમજ શહેરીજનો આ બસનો ઉપયોગ કરતા હતા. ત્યારે એકાએક મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા આ રૂટ બંધ કરીને જીઆઈડીસી સુધી લંબાવવામાં આવતાં અનેક વિદ્યાર્થીઓ અને ઘુમા, બોપલ અને સેટેલાઈટ તરફ જતા આવતા વેપારીઓ, નોકરિયાતો સહિત શહેરીજનો રઝળી પડ્યા છે. આ રૂટની ઉપયોગીતાને ધ્યાને લઈને વિદ્યાર્થીઓ તેમજ નાગરિકો દ્વારા લેખિતમાં કોર્પોરેશનની ટ્રાન્સપોર્ટ સર્વિસને રજુઆત કરીને આ રૂટ ફરીથી ચાલુ કરવા માગણી કરાઈ છે.

### પૂરના પાણીમાં ફસાયેલી બસને બચાવવા NDRFનું દિલધડક રેસ્ક્યુ

। (એજન્સી) ભાવનગર, તા.૨૭ ।

ગુજરાતમાં હજુ પણ વરસાદી માહોલ જારી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આજે શુક્રવારે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આ વરસાદને કારણે ગત રાત્રે કેટલાક લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. હકીકતમાં, ભાવનગરના કોળિયાક ખાતે માલેશ્રી નદીમાં ભારે ઘોડાપૂર આવ્યું હતું. જેને કારણે મુસાફરોથી ભરેલી બસ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, જ્યારે બસ પાણીના પ્રવાહમાં ફસાઈ ગઈ ત્યારે તેમાં ૨૭ શ્રધ્ધાળુઓ સહિતઓ ૨૯ લોકો સવાર હતા જેમનો જીવ જોખમમાં મુકાયો હતો. પરંતુ રાહતની વાત એ છે કે, સખત મહેનત બાદ હવે દ્વઢ્ઢઈહ્લએ બધાને બચાવી લીધા છે. ઉલ્લેખનીય છે કે, માલેશ્રી નદીનું જળસ્તર વધ્યા બાદ ૨૯ મુસાફરો સાથેની બસ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. મોડી રાત્રે બસ વહેતા પાણીમાં ફસાઈ જતાં તમામ મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. બસમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો તમિલનાડુના હતા.

### ૧૦૮ ઇમરજન્સીના સ્ટાફે તેને મૃત જાહેર કર્યો

# IIMમાં MBAના બીજા વર્ષના અભ્યાસ કરતા ૨૪ વર્ષીય વિદ્યાર્થીએ આત્મહત્યા કરી

### મૃતક યુવક તેલંગાણાનો વતની હતો, આત્મહત્યા અંગે હજુ સુધી પોલીસનો કોઇ નક્કર કારણ મળી શક્યું નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૪ વર્ષીય વિદ્યાર્થીએ નવા હોસ્ટેલ કેમ્પ સમાં તેના રૂમમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કર્યાની ઘટના સામે આવી છે. મૃતક યુવક તેલંગાણાનો વતની હતો. આત્મહત્યા અંગે હજુ સુધી પોલીસનો કોઈ નક્કર કારણ મળી શક્યું નથી. ત્યારે પોલીસે મૃતકના લેપટોપ અને મોબાઈલ ફોનને તપાસ માટે લઈને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, તેના મિત્રોની પણ પુછપરછ કરવામાં આવશે. અમદાવાદ સ્થિત આઈઆઈએમના નવા હોસ્ટલે કેમ્પસમાં રહેતા અને એમબીએના કોર્ષમાં અભ્યાસ કરતા ૨૪ વર્ષીય અક્ષિત હેંમત ભુખિયા નામનો ગુરૂવારે બપોરના સમયે તેના રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. હોસ્ટેલમાં રહેતા અન્ય વિદ્યાર્થીઓ તેને નીચે ઉતારીને તાત્કાલિક ૧૦૮ પર જાણ કરી હતી.૧૦૮ ઈમરજન્સીના સ્ટાફે તેને મૃત જાહેર કર્યો હતો.આ બનાવની જાણ થતા હોસ્ટેલના રેક્ટર અને અન્ય સ્ટાફ દોડી આવ્યો હતો. વસ્ત્રાપુર પોલીસ પણ સ્થળ પર પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે મૃતક અક્ષિત ભુખિયા તેલંગાણાનો રહેવાસી હતો અને એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સવારથી તેની વર્તણૂક સામાન્ય હતી. જેથી અચાનક શા માટે આત્મહત્યા કરી? તેને લઈને અન્ય સાથી વિદ્યાર્થીઓ ચોંકી ઉઠયા હતા. આ અંગે પોલીસે અંક્ષિતના મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે મોકલીને તપાસ શરૂ હતી. જો કે કોઈ સુસાઈડ નોટ મળી આવી નહોતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨